શ્રી ખેડા જીલ્લાની દ્વિતીય મેંતાળીસ

ઔદિચ્ય બ્રહ્મ સમાજનો

રિપોર્ટ તથા નિયમો

વિગેરે.

પ્રસિદ્ધ કર્તા,

ખેડા જીલ્લાની દ્વિતીય મેંતાળીસ ઔદિચ્ય બ્રહ્મસમાજ.

તૈયાર કરનાર, તથા પ્રસિદ્ધ કર્તા

ત્રિભોવન કૃષ્ણારામ દ્વિવેદી.

ઓ૦ સેક્રેટરી ખે૦ જી૦ દ્વિ૦ મે૦ ઓ૦ બ્ર૦ સ૦

અમદાવાદ

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યો.

સંવત ૧૯૬૮. સને ૧૯૧૨.

કિંમત ચાર આના. (પોસ્ટેજ અડધો આનો)

પ્રસ્તાવના.

આ રિપોર્ટ લખી તૈયાર કરવાના કામમાં સરસવણી શુક્લ ડાહ્યાભાઈ ઓધલરામે જે પરિશ્રમ લીધો છે તે માટે તેમનો ઉપકાર માનું છું. તેમજ શ્રીયુત વિઠ્ઠલરાય ગોવર્દ્ધનપ્રસાદ વ્યાસે આ રિપોર્ટમાં ઘટતો ફારફેર કરી મુદ્દા સુધારી પોતાના ખર્ચે છપાવી સમસ્ત જ્ઞાતિ તરફ પહોંચવા જે ઉદાર લાગણી દર્શાવી છે તે માટે જ્ઞાતિ સમસ્ત તરફથી તેમનો ઉપકાર માનવામાં આવે છે.

લી૦ સેવક

ત્રિભોવન કૃષ્ણારામ.

ખેડા ઔ૦ બ્ર૦ સમાજના સેક્રેટરી.

॥ ॐ तत्सत् ब्रह्मणेनमः ॥

શ્રી ખેડા જીલ્લાની દ્વિતીય બેતાળીશ ઔદિચ્ય બ્રહ્મસમાજનો રિપોર્ટ.

प्रभुप्रार्थना.

હે પ્રભુ ! પક્ષપાતથી, સ્વાર્થથી, કે અભિમાનથી બોલતો નથી, પણ જે સત્ય લાગે છે, તેજ ખરા હૃદયોદ્ગારથી વિનતિ કરૂં છું કે સદાકાળ ધ્યાનમાં લેઇને મારા હાલના ઔદિચ્યસહસ્ત્ર જ્ઞાતિબંધુઓ—પૂર્વના ઋષિમુનિઓના તનુજો–અદ્યાપિ સુધી આળસરૂપી ઘોર નિદ્રામાં ઉંઘતા હતા, તેઓ હવે કાંઇક અંશે જાગીને સત્યમાર્ગ શોધવા તત્પર થયા છે તેમન તેમનાં જ્ઞાનચક્ષુઓમાં દિવ્યપ્રકાશ પ્રેરી, પ્રાચીન ભૂલેલા માર્ગનું દર્શન કરાવો, અને તેમના હૃદયોદ્યાનમાં " આ મારી જ્ઞાતિ " એવા જ્ઞાતિઅભિમાનનાં સબળ બીજનું આરોપણ કરવાની કૃપા કરો !

વડિલો અને બંધુઓ ! આપણા ઋષિમુનિઓનો ઉત્તમોત્તમ બ્રાહ્મણધર્મ, અને આ આપણી જ્ઞાતિ એટલું સ્મરણમાં રાખી બંનેને પરસ્પરાવલંબી કરવાને પ્રયત્નશીલ થશો તો નષ્ટ થયેલી ઉત્તમોત્તમ પ્રતાપી વિદ્યા અને ઉત્તમ મનુષ્યજીવન પ્રાપ્ત કરવા આપ સમર્થ થશો.

જે બ્રાહ્મણોને માટે **ब्राह्मणोऽस्य मुखमासीत्** એવાં વચનો વેદોએ ઉચ્ચાર્યાં છે તે બ્રાહ્મણોના જીવન કેવાં દૈવી, પ્રભાવશાળી તથા પવિત્ર હશે તેનો હંમેશાં વિચાર કરશો અને તે લક્ષ્યસ્થાનમાં રાખી તે બિન્દુએ પહોંચવા હે બંધુઓ ! પ્રયત્નશીલ થશો.

સંધ્યાદિ નિત્યકર્મ કરવા દૃઢ આગ્રહપૂર્વક પ્રતિજ્ઞા કરશો અને સત્ય તથા નીતિને રસ્તે ચાલી સમસ્ત બંધુઓ ઉપર પ્રેમભાવના ધરાવી દુર્વ્યસન, અનીતિ, કુસંગ, કન્યાવિક્રય, તથા ખોટા કારજવરાને તિલાંજલિ આપવા ઉદ્યુક્ત થશો તો ઉપરના લક્ષબિન્દુએ પહોંચવાના પ્રથમ પગલે આપ ચાલ્યા છો એ નિઃસંશય માનશો. ॐ शान्तिः शान्तिः शान्तिः

ત્રિભોવન કૃ૦

રિપોર્ટ.

ખેડા જીલ્લાના મુકરર થયેલાં બેતાળીશ ગામોનો ઔદિચ્યસહસ્ત્રનો સમુદાય બેતાળીશીની સંજ્ઞાથી ઓળખાય છે. આ સમુદાયની બીજી બ્રહ્મસમાજ **પણસોરા** તાલુકે આણંદ મુકામે તા. ૩-૪-૫ નવેંબર સને ૧૯૧૧, સંવત્ ૧૯૬૮ ના કારતક સુદી ૧૨-૧૩-૧૪ ને વાર શુક્ર, શનિ તથા રવિને દિવસે એકત્ર થઇ હતી.

આ દ્વિતીય બ્રહ્મસમાજના પ્રમુખસ્થાન માટે મુળ ભાવનગરના રહીશ પણ હાલ અમદાવાદમાં વકિલાત કરતા સુપ્રસિદ્ધ રા. રા. શ્રીયુત **જીવણરામભાઇ જેશંકરભાઇ ભટ્ટ** બી. એ. એલ. એલ. બી ને વિજ્ઞાપના કરતાં તેઓશ્રીએ તે વિજ્ઞાપના સ્વીકારી હતી અને તેથી આ સમુદાય તેઓશ્રીના ઉપકૃત છે.

કર્ત્તવ્યભુવનની રચના.

સમ્મેલન માટે ગામની મધ્યમાં આવેલી ધર્મશાળા રોકવામાં આવી હતી. આસોપાલવનાં તોરણો, રંગબેરંગી ધજા પતાકાઓ તથા ચિત્રવિચિત્ર આરકાઓથી ધર્મશાળાને સારી રીતે સુશોભિત કરવામાં આવી હતી. ધર્મશાળાના દ્વારપર દ્વિતીય બ્રહ્મસમાજના નામનું બોર્ડ ટાંગવામાં આવ્યું હતું. પ્રમુખ, ઉપપ્રમુખ તથા બહારના સંભાવિત સદ્ગૃહસ્થો માટે આસનોની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી.

તા. ૩ જી નવેંબર સને ૧૯૧૧ ના દિવસે સવારની ગાડીમાં પ્રમુખ શ્રી જીવણરામભાઇ પધારવાના હતા. તેમના સન્માનાર્થે દ્વિવેદી છોટાલાલ કૃષ્ણરામ તથા કવિ આશારામ જેભાઈ બ.લેજ સ્ટેશને યોગ્ય વાહન સાથે સામા ગયા હતા. સમુદાયના અન્ય સજ્જનો સમયોચિત વાદિત્રોસાથે આવકાર આપવાને ગામની ભાગોળે જઇને ઉભા હતા. બારેક વાગ્યાના સુમારે પ્રમુખશ્રીની ગાડી ત્યાં આવી પહોંચતાં હર હર મહાદેવના ધ્વનિથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને સમુદાય તરફથી પંડયા સોમેશ્વર દલુભાઇએ પ્રમુખશ્રીને ફુલે વધાવી લેઇ હાર ગોટા પહેરાવ્યા અને સઘળાઓએ સરઘસના આકારમાં વાજતે ગાજતે ગામમાં પ્રવેશ કરી પ્રમુખશ્રીને વ્યાસ લલ્લુભાઇ કેવળરામના મકાને લેઇ જઇ ત્યાં મુકામ આપ્યો.

પ્રથમથી કરેલા આમંત્રણનો સ્વીકાર કરીને ઔદિચ્યોની ઉન્નતિને માટે તન મનથી પ્રયત્ન કરનાર, કાઠીઆવાડ સમાચારના અધિપતી દુધરેજ નિવાસી દવે રેવાશંકર જગજીવન, જામનગર નિવાસી મણીશંકર તુળશીરામ પાઠક તથા અમદાવાદથી પ્રોફેસર મણીલાલ સામળજી એમ. એ., ભોગીલાલ ત્રિભોવન ઠાકર, તથા ત્રિકમલાલ નારણજી પણ પધાર્યા હતા અને તેઓને પણ યોગ્ય ઉતારા વિગેરેની સગવડ કરી આપી હતી.

+ ગઈ સાલના રિપોર્ટમાં ૩૨ ગામ બતાવવામાં આવ્યાં છે તે સિવાય ૩૩ શાહલોલ, ૩૪ ગામડી, ૩૫ વાસણા અને ૩૬ અણીદ્રા છે.

પ્રથમ દિવસ.

(તા. ૩–૧૧–૧૧)

સમુદાયના દૂરના ગૃહસ્થો બપોર સુધીમાં આવી શકેલા નહિં હોવાથી કાર્યક્રમના આરંભનો સમય સાયંકાળ પછીનો રાખ્યો હતો તેથી ભોજન લીધા બાદ રાત્રિએ સમાજે પોતાની પ્રથમ બેઠક લીધી. પ્રારંભમાં શુકલ ડાહ્યાભાઇ ઓધલરામ તથા અન્ય શુકલોએ વેદમંત્રોથી શ્રીસરસ્વતીનું આહ્વાહન તથા ઇશ્વરસ્તુતિ કરી સમાજનું મંગલાચરણ કર્યું. મિ૦ ત્રિભોવન કૃષ્ણારામ દ્વિવેદિએ રા. રા. શ્રીયુત જીવણરામ જેશંકરભાઇ ભટ્ટને પ્રમુખ-સ્થાન આપવાની દરખાસ્ત મુકી, તેને રા. જયદેવ પિતાંબર દ્વિવેદીએ અનુમોદન આપતાં હરહર માહાદેવના જયઘોષ સાથે પ્રમુખશ્રીએ પોતાનું સ્થાન લીધું. આ સંપ્રદાયના વાકેફ-ગાર પંડયા સોમેશ્વર દલુભાઇને ઉપપ્રમુખ નિમવા રા. રા. છોટાલાલ કૃષ્ણારામે દરખાસ્ત કરી, તેને રા. ડાહ્યાભાઇ ઓધલરામ શુકલે ટેકો આપ્યાથી તેમણે પોતાનું સ્થાન લીધું. આમંત્રણથી પધારેલા બહારના અન્ય સદ્ગૃહસ્થોને પણ યોગ્ય સ્થાનો આપવામાં આવ્યાં.

ગઇ સાલનો વાર્ષિક રિપોર્ટ વાંચવાનો શરૂ કરતા પહેલાં સેક્રેટરી મિ. ત્રિભોવન કૃષ્ણારામે જણાવ્યું કે આ જ્ઞાતિને અજ્ઞાનના અંધકારમાંથી બહાર કાઢવા સતત પ્રયત્ન કરનાર ભાઇ જગન્નાથ આપણને તેમજ પોતાના કુટુંબીઓને રડતાં મુકી પરમકૃપાળુ પિતા પાસે ચાલ્યા ગયા છે. તેમને માટે આપણે કાંઇપણ કરવા અશક્ત છીઇએ તેથી આ કાર્યમાં તેમની છબી આ સંમેલનના સાક્ષી તરીકે પધરાવી (તા. ૨૧–૬–૧૧ ના રોજ ડાકોર મુકામે મીટીંગમાં ઠરાવ થયા મુજબ) ફુલ હાર પહેરાવવાની દરખાસ્ત મુકું છું. સદર દરખાસ્તને શુકલ ડાહ્યાભાઇ ઓધલરામે અનુમોદન આપતાં હરહર માહાદેવના જયઘોષ પૂર્વક સર્વના સશોક આનંદ વચ્ચે છબી પધરાવી ફુલ હાર ચડાવવામાં આવ્યાં.

સેક્રેટરી મિ. ત્રિ. કૃ. દ્વિવેદીએ નીચે મુજબ રિપોર્ટ વાંચવો શરૂ કર્યો:—

માન્યવર ! પ્રમુખ સાહેબ ! તથા અન્ય જ્ઞાતિબંધુઓ !

આપણા પૂર્વજોને મહારાજા મૂળરાજ સોલંકી ઉત્તરમાંથી બોલાવી આ રસાળ ગૂર્જરભૂમિમાં વસાવ્યા તે સમયની અને હાલની સ્થિતિનું અવલોકન કરશો તો જણાશે કે આપણે તદન નિકૃષ્ટ દશાને પ્રાપ્ત થયા છીઇએ. સૃષ્ટિનો નિયમ છે કે જે વસ્તુ નિર્બલ થાય છે તેનો સત્વર નાશ થાય છે. નાશમાંથી બચવા માટે નિર્બળે સબળ થવા બળ પ્રાપ્ત કરવું જોઇએ. સર્વ બળમાં ઉત્તમોત્તમ બળ આધ્યાત્મિક બળ છે. યથાર્થ ધર્મ આવું બળ આપી શકે છે. એજ ધર્મ આપણા અભ્યુદય તથા આપણા નિઃશ્રેયસની સિદ્ધિ કરાવે છે કેમકે **यतोऽभ्युदयो निःश्रेयससिद्धिः स धर्मः ।** એવો ધર્મ પ્રાપ્ત કરવાને માટે વિદ્યાની જરૂર છે. હાલની વસ્તુસ્થિતિ પ્રમાણે અનેક દુર્ગુણોએ આપણને ઘેરી લીધા છે. પરન્તુ આપણે તેવી સ્થિતિમાં આવી પડયા છીઇએ તેટલું ભાન છે તે કાંઇ આપણા સદ્ભાગ્યનું સુચિહ્ન છે. ઠેર ઠેર જાગૃતિનાં ચિહ્નો જણાવા લાગ્યાં છે એ ઓછા આનંદની વાત નથી. કહેવત છે કે જાગ્યા ત્યાંથી સવાર એ ન્યાયે જો ઉઠીએ નહિં તો ધારેલું કાર્ય જલદી ફળિભૂત થાય છે.

આ બેતાલીશ ગામના સમૂહમાં જોડાયેલા સર્વ ભાઈઓ સરખા છીઈએ, એક માળાના મણકા છીઈએ, કોઈ ઉંચ નીચ નથી એમ સમજી પરસ્વર બંધુભાવ અને પ્રેમ વધારવો જોઈએ. પરસ્પર કન્યાઓની આપ લે કરવાથી સ્નેહરૂપી સગાઈના દઢ સૂત્રથી બંધાશો ત્યારેજ આ બંધુભાવ તથા પ્રેમ અધિક અધિક વધશે. અત્યાર સુધીમાં આપણે મોટે ભાગે ખરચ કરીને દીકરીઓ બહાર કાઢેલી છે તેથી સાથી મોટી મુસ્કેલી એ આવી છે કે આપણેજ ઘેર તાળુ વાસવાનો અવસર આવ્યો છે. સીમન્તાદિ ગેરવાજબી જ્ઞાતિવરાનાં ઉડાઉ ખર્ચ કરી, છોકરાંઓને દેવાના દાસ બનાવી, તેમને અવિદ્યા રૂપી અંધારી કોટડીમાં પુરી દીધા છે. આ મુસ્કેલીઓ દૂર કરવાને સમૂહબંધન દઢ કરવાની ખાસ આવશ્યકતા છે.

કહેવાને ખુશી ઉપજે છે કે ગયે સાલ વડતાલ મુકામે સમૂહબંધન સંબંધમાં જે ઠરાવ કરવામાં આવ્યો હતો તેનો બરોબર અમલ થયો છે. મિથ્યા કુલાભિમાન સાચવવા ખાતર થામણા વાસી પંડયા છોટાલાલ શીવરામે તેવુંજ મિથ્યા કુલાભિમાન ધરાવતા માણુસોના સમૂહમાં અને આ સમૂહબંધનની બહાર કન્યા આપી તેથી તેમને આપણા સમૂહે બહિષ્કાર કરેલા છે. તેમના નજદીકના સગા અકલાચાવાળા મી. મગનલાલ ફોજદારે તથા રા. સાંકળેશ્વરે સમૂહના હિતમાંજ પોતાનું વાસ્તવહિત સમજી તેમનો સંગ કર્યો નથી તે માટે તેઓને ખરેખર ધન્યવાદ ઘટે છે. તેથી ઉલટું થામણા વાળા છોટાલાલ ભાઈશંકર દવે, જેઓ સમૂહબંધન બાંધતી વખતે આગેવાની ભર્યો ભાગ લેતા હતા તેઓ પોતેજ આ સમૂહબંધન તોડનાર પૂર્વોકત પંડયાનો પાછળથી પક્ષ કરવા દોરાયા છે તેથી આ સમસ્ત જ્ઞાતિ ઘણીજ દિલગીર છે. સદર્હુ છોટાલાલના આ અઘટિત પગલાથી જ્ઞાતિ જનો એટલી લાગણીવાળા થયા હતા કે જ્યારે તેઓ કઠલાલમાં લૌકિકે ગયા ત્યારે કઠલાલ નિવાસી બંધુઓએ તેમની સાથે લૌકિકનો વ્યવહાર પણ ન આચરતાં તેઓ ને પાછા કાઢયા હતા, અને જેઓએ અજાણપણાથી પણ તેમની સાથે લૌકિક કરી હતી તેમને વાસ્તે પણ જ્ઞાતિએ યોગ્ય વિચાર કર્યો હતો. સમૂહબંધન ચલાવવાના કઠલાલની જ્ઞાતિના આ સ્તુત્ય પગલાને માટે તેમને આપણે જેટલો ધન્યવાદ આપીએ તે સઘળો થોડો છે અને આજ દાખલાનું અનુકરણ બીજા ગામવાળાઓ કરશે તો સમૂહનો માર્ગ ઘણો સરળ થતાં જ્ઞાતિનો સત્વર ઉદય થશે.

શિવાય થામણાવાળા વ્યાસ કૃષ્ણારાંમ ત્રિભોવન જેઓ જ્ઞાતિમાં એક આગેવાન જેવા માણુસ છે એટલુંજ નહિં પણ જેમણે સમૂહબંધનના કાર્યને નિભાવવામાં દઢતાથી આગેવાની ભર્યો ભાગ લીધો હતો, તે એવી રીત્યે કે પોતાની ફોઈ ઝવેરબાઈ ગુજરી ગયાં ત્યારે તેમનો જ્ઞાતિવરો પોતાને ત્યાં કર્યો તે વખતે પૂર્વોક્ત પંડયાને કાપીને આખી જ્ઞાતિની જમણવાર કરી હતી. આવી દઢ પ્રતિજ્ઞા બતાવી પોતાની સંપૂર્ણ દીલસોજી દેખાડી આપી હતી. પરન્તુ જ્યારે ઉપર જણાવેલા પંડયાના ભત્રિજા મી. પિતાંબરદાસને સમૂહબંધન બહાર જવાથી સમૂહમાંથી કન્યા ન મળી ત્યારે તેઓ કાઠીયાવાડ પરણાવવા ગયા તે વખતે એજ રા. કૃષ્ણારાંમ પ્રથમનો પોતાનો આગ્રહ ભૂલી જઈ પોતાનાજ પોષેલા સમૂહબંધનનું ઉલ્લંઘન કરીને જાનમાં ગયા. જ્ઞાતિએ તેમના આ કાર્યથી ખિન્ન થઈને અણચાલ્યે ઉમરેઠ કોર્ટમાં તેમના ઉપર દાવો કરેલો છે. તેનું પરિણામ હજુ

કાંઇ આવ્યું નથી. આવી તરેહનાં છીંડાં પડતાં અટકાવવા, તેમજ સમૂહબંધનને ભવિષ્યમાં દુર્ઘટ સ્થિતિમાં આવી પડતાં બચાવવા આવું પગલું જ્ઞાતિસમસ્તને ઘણીજ દીલગીરી સાથે લેવું પડયું છે.

પોતાને ઘેર તાળુ વાસી સામા ઘેર દીવો કરવા જતાં આ સમૂહની કેવી શોચનીય સ્થિતિ આવી છે તે હવે હું જણાવીશ. સંવત્ ૧૯૨૬ ની સાલમાં ઉંઘરાના મહેતા દાજીરાંમ હરજીવનને ત્યાં લાણું થયું ત્યારે ૯૩૫ લ્હાણાની સંખ્યા હતી. સં. ૧૯૪૮ ની સાલમાં પણસોરાના વ્યાસ કાળીદાસ કલ્યાણભાઇએ લ્હાણું કર્યું ત્યારે તે સંખ્યા ઘટીને ૭૩૫ ની હતી અને હાલ તે સંખ્યા ગણી જોતાં માત્ર ૪૭૦નીજ થાય છે. આથી આપને સ્હેજ સમજાશે કે ૪૦ વર્ષની અંદર અર્ધોઅર્ધ સંખ્યા એટલે લગભગ ૫૦૦ કુટુંબનો નિર્વંશ થયો છે. અને જો આ આત્મઘાતી વહિવટ રોકવામાં ન આવે તો બીજાં ૨૫ વર્ષમાં સમૂહની શી સ્થિતિ થઇ રહેશે તે કહેવા આ જીભમાં કે લખવાને માટે આ કલમમાં સામર્થ્ય નથી. ટુંકામાં એટલુંજ કે મિથ્યાકુલાભિમાનના ખોટા આડંબરથી ભોળવાઇ સમૂહબહાર કન્યા આપનારના પુખ્ત ઉમ્મરના દીકરાઓ કુંવારા માલમ પડે છે અને પરિણામમાં વંશવિચ્છેદરૂપિ રાક્ષસ સામા ડોળા કાઢી ઘુરકીયાં કરી રહ્યો છે. આપણું બેતાળીશીનું વહાણ ભરસમુદ્રમાં ડુબવાની તૈયારીમાં છે અને થામણા પણસોરાના આગેવાન રૂપી કપ્તાનો આત્મભોગ સાથે તેને તારશે તેવી વિનંતિ સાથે વિદ્યાવૃદ્ધિનો હિસાબ વાંચી બતાવી હું વિરમીશ.

સંવત ૧૯૬૭ ના માહા સુદી ૫ ને સોમવારે વડતાલ મુકામે સમાજ સ્થાપી ત્યારથી તે સંવત ૧૯૬૮ ના માગસર વદી ૦)) અમાસ સુધીનો હિસાબ.

જ

૫૧—૦-૦ આખી જ્ઞાતિ તરફથી.
૧૧૩—૮-૦ બહાર ગામના ગ્રહસ્થો તથા જ્ઞાતિના ગ્રહસ્થો તરફથી આવ્યા તે.
૧૨—૨-૦ લગ્ન જનોઇ પ્રસંગના લાગાના.

૧૭૬-૧૦-૦ એકસો છોતેર રૂપીઆ દસ આના પુરા.

ઉ

૨૬-૧૪-૦ ભાઇ જગન્નાથ ગોરધનરામ હથુ વિદ્યાવૃદ્ધિ ફંડ માટે બહાર ગામ જવા આવવા તથા રજીસ્ટર કાગળો લખવા વિગેરે પરચુરણ ખર્ચમાં.
૨૩—૮-૯ શ્રી વિદ્યાવૃદ્ધિ ખાતે.
- ૭—૭—૬ ગામ કઠલાલ ખાતે
- ૧-૧૦—૦ અજરપરા ખાતે
- ૦—૮—૦ સીહુંજ ખાતે
- ૦-૧૨—૦ વાંઠવાળી ખાતે
- ૬—૦—૦ પણુસારા ખાતે
- ૭—૩—૩ થામણા ખાતે

૨૩-૮-૯

૧—૫—૬ શ્રી ટપાલ ખર્ચ ખાતે.
૧—૮—૦ રિપોર્ટ છપામણી ખાતે બાબતે જગન્નાથ હથુ બાકી હતા તે આપ્યા.
૬૭-૧૦-૬ શ્રી વ્યાજ ઉત્પન્ન થવા ખાતે.
૬૭-૧૦-૬ જ્ઞાતિ પાસે મુકી છે.
- ૫૧—૦-૦ પ્રથમના
- ૧૬-૧૦-૬ દાવાના કામમાં.

૬૭-૧૦-૬

૨૫—૦-૦ શ્રી વ્યાજ ઉત્પન્ન થવા ખાતે. થામણા શેઠ પીતાંબર શીવલાલને ત્યાં.
૨૩—૦—૦ શ્રી ઉઘરાણી ખાતે બાકી છે.
૮—૦—૦ ગામ પણુસોરા ખાતે
- ૨-૦-૦ પંડયા સોમેશ્વર દલુભાઇ.
- ૨-૦-૦ વ્યાસ લલુ કેવળરામ
- ૧-૦-૦ વ્યાસ દેવશંકરભાઇ કાશીરામ
- ૧-૦-૦ ,, મોતીરામ છગનલાલ

१–०–० મેહેતા મુળજી આશારામ
१–०–० મહેતા ફુલાભાઇ નાથજી
८—०—० ગામ થામણા ખાતે
७–०–० મી.ભવાનીશંકર કેશવરામ
१–०–० ભટ જેશંકર જગજીવન
७—०—० શ્રી નડીઆદ ખાતે
१–०–० જોશી નાથાભાઈ
३–०–० જોશી ઉતમરામ બેચર
३–०–० જોશી લાલજીભાઇ બેચર
१—०—० ગામ સરસવણી ખાતે
१–०–० સુકલ મોહનલાલ ડાહ્યાભાઇ
७–११–३ શ્રીસીલક વરસ આખરે બાકી
५–०–० ઓદીચ્યોની ઇતિહાસની ચોપડીઓ નંગ १० હા. જયદેવ
२–११–० રોકડા હા. જયદેવ

१७६–१०–० એકસો છોતેર રૂપીઆ દશ આના.

ઉપર મુજબ હીસાબ જોતાં આપણુ ફંડમાં ઘણા પાછળ છીએ. જે બંધુઓ પાસે બાકી હોય તેમણે સત્વરે મોકલી આપવાની તસ્દી લેવી જોઇએ. આ વિદ્યાવૃદ્ધિ ફંડ જેમ બને તેમ મોટું કરવા આપ સર્વેનું ધ્યાન ખેચુંછું, જેથી શક્તિ અનુસાર રકમ ભરવા પાછી પાની કરશો નહી. અસ્તુ

તાળીઓના અવાજ સાથે તેઓએ પોતાનું આસન લેતાં મે૦ પ્રમુખ સાહેબ તરફથી વિષયવિચારક મંડળ માટે સૂચના થતાં નીચે પ્રમાણે ગ્રહસ્થોનું મંડળ નીમવામાં આવ્યું હતું.

વિષયવિચારક મંડળ.

રા. રા. શ્રીયુત જીવણરામભાઈ જેશંકરભાઇ ભટ. વકીલ. બી. એ. એલ. એલ. બી.

પ્રમુખ.

રા. રા. સોમેશ્વર દલુભાઇ પંડયા.

ઊપપ્રમુખ.

વિષયવિચારક મંડળના સભ્યો.

રા. ત્રિભોવન કૃષ્ણારામ દ્વિવેદી.
રા. જયદેવ પીતાંબર ,,
રા. મોતીલાલ છગનલાલ વ્યાસ.
રા. આશારામ જેભાઈ કવી.
રા. નાથજી સુખદેવ વ્યાસ.
રા. કીરપાશંકર કેવળરામ ત્રવાડી.
રા. કૃષ્ણારામ કાલીદાસ જોસી.
રા. લલ્લુભાઇ મયારામ માસ્તર.

રા. ફુલાભાઇ નાથજી મેહેતા.
રા. મણીલાલ દલસુખરામ ભટ.
રા. જયશંકર જગજીવન ભટ.
રા. ચુનીલાલ ઇચ્છાશંકર વ્યાસ.
રા. જોશી ગોરધન કેવળરામ.
રા. પુરશોત્તમ ઘેલાભાઇ ગોર.
રા. અમૃતલાલ છગનલાલ ગોર.
રા. મણીશંકર તુળશીરામ પાઠક
રા. રેવાશંકર જગજીવન પંડિત.
રા. સોમેશ્વર ગંગારામ માસ્તર.
રા. હીમતલાલ બેહેચર પંડયા.
રા. ગણપતરામ પ્રભુરામ „
રા. દલસુખ હરજીવન રાવળ
રા. ડાહ્યાભાઇ બોધલરામ શુકલ
રા. સાંકળેશ્વર નરસીરામ રણા.
રા. અંબાલાલ ગરબડ મેહેતા.
રા. વિઠ્ઠલરાય ગોવર્દ્ધનપ્રસાદ વ્યાસ

ઉપર પ્રમાણે મંડળ નિમાયા બાદ મંડળ વિચાર કરી વિષય નક્કી કરવાને માટે એકત્ર થયું હતું અને મે. પ્રમુખ સાહેબે તે દિવસનો કાર્યારંભ પૂર્ણ થયલો જાહેર કરવાથી અન્ય સભ્યો પોતપોતાના મુકામ ઉપર વિશ્રાન્તિ લેવા વેરાયા.

બીજો દિવસ.

તા. ૪ નવેમ્બર સને ૧૯૧૧.

બીજે દિવસે સવારના આઠ વાગતાં પ્રમુખસાહેબે 'હરહર મહાદેવ' ના જયઘોષ સાથે પોતાનું સ્થાન લીધું હતું; બ્રહ્મમંડલ પ્રથમથીજ પોતાનું આન્હિક પરવારી પધારેલું હતું એટલે પ્રમુખશ્રીની આજ્ઞાનુસાર શુકલ ડાહ્યારામ બોધલરામે વેદમંત્રથી ઇશ્વર સ્તુતિ કર્યા બાદ શરૂઆતમાં પ્રમુખશ્રી જીવણરામભાઇએ પોતાનું વ્યાખ્યાન શરૂ કરતાં જણાવ્યું કેઃ—

આપણ બ્રાહ્મણ છીએ, ને 'બ્રાહ્મણ' શબ્દ સર્વોત્કૃષ્ટ છે, આથી વિચાર કરીએ તો બ્રાહ્મણજીવન પ્રાપ્ત થતાં અત્યંત આનંદ થાય છે. આ સંબંધમાં જે કંઇ કહેવાનું છે ત્હેના પ્રમાણમાં જુઓ કે હું કાંઇ કહી શકું તેમ નથી તોપણ યથામતિ મ્હારા થોડાક વિચારો પ્રત્યક્ષ મુકીશ. આશા છે કે ત્હેમાં ભૂલચૂકની ક્ષમા કરશો.

આપણા મુખ્ય ધર્મનું રૂઢીથી નામ 'વર્ણાશ્રમધર્મ' છે, ત્હેમાં અનેક ભેદ હશે પણ આ વર્ણાશ્રમધર્મથી રહિત જે કોઇ હશે ત્હેને આપણે ધર્મથી પતિત ગણી બ્રાહ્મણ માનતા નથી. વર્ણાશ્રમધર્મના બે ભેદ છે. એક વર્ણનાધર્મ ને બીજો આશ્રમધર્મ. ગીતામાં શ્રી કૃષ્ણપરમાત્મા કહે છે કે "**चातुर्वर्ण्यंमया सृष्टं गुणकर्मस्वभावजम्**" ગુણ, કર્મ અને સ્વભાવથી ચાર વર્ણ મેં બનાવી છે. તેમાં ૧ બ્રાહ્મણ, ૨ ક્ષત્રી, ૩ વૈશ્ય, ૪ શુદ્ર. હવે મનુસ્મૃતિ વગેરે ધર્મશાસ્ત્રોમાં બ્રાહ્મણ તેમ બીજી ત્રણ વર્ણના ધર્મ બતાવ્યા છે. પરન્તુ જ્યારથી બ્રાહ્મણના બાલકને ઉપવિત સંસ્કાર કરવામાં આવે છે ત્યારથીજ ત્હેને વર્ણધર્મનો ઉપદેશ કરવામાં આવે છે કે ત્હારે વાણીઆ તેમ બીજી કોઇ વર્ણની સાથે જમવું નહિ. તેમ ધર્મશાસ્ત્રોમાં બતાવેલા બ્રાહ્મણ કર્માનુસાર પોતાનો નિર્વાહ ચલાવવો. આનું નામ વર્ણધર્મ.

બીજો આશ્રમ ધર્મ. આપણા પૂર્વજો બહુ જ્ઞાની હતા તેથા ત્હેમણે જીવનના ચાર ભાગ કલ્પી ચાર આશ્રમ બનાવ્યા છે. ૧ બ્રહ્મચર્યાશ્રમ, ૨ ગૃહસ્થાશ્રમ, ૩ વાનપ્રસ્થાશ્રમ, ૪ સન્યાસાશ્રમ. પ્રથમ અને પચીસ વર્ષ સુધીમાં બ્રહ્મચર્ય આશ્રમમાં ગુરૂ સન્મૂખ રહી બ્રહ્મચર્ય પાળી વેદ વગેરે વિદ્યા પ્રાપ્ત કરવાનું વિધાન છે. બીજા ગૃહસ્થાશ્રમમાં ગુણ, કર્મ, સ્વભાવથી અનુકૂળ પુખ્ત ઉમ્મરની પોતાના વર્ણની કન્યા સાથે વિધિયુક્ત લગ્ન કરી ધર્મથી પ્રજોત્પત્તિ કરવા કહેલું છે. ત્રીજા વાનપ્રસ્થાશ્રમમાં ગૃહસ્થાશ્રમનો સઘળો કાર્યભાર પુત્ર પર મૂકી કામ, ક્રોધ વગેરે ષટ્ શત્રુ પર વિજય મેળવી સ્ત્રી સાથે અરણ્યમાં ધર્માનુષ્ઠાન કરવાની આજ્ઞા છે, ને ચોથા સન્યાસ આશ્રમમાં સ્ત્રીથી વિરક્ત થઇ શિખા સૂત્રનો ત્યાગ કરી કેવળ ઇશ્વરની આરાધનામાં—સંસારને ધર્મોપદેશ કરતા થકા મોક્ષાનંદ પ્રાપ્ત કરવાનું વિધાન છે. આવી રીતે ચાર આશ્રમ બનાવ્યા છે. એક આશ્રમ પૂરો થયા પછી બીજા આશ્રમમાં દાખલ થઈ શકાય છે. તેમાં બ્રહ્મચારીથી સન્યાસી થઇ શકાય છે, પણ સન્યાસીથી કદિ બ્રહ્મચારી, કે ગૃહસ્થી થઇ શકાતું નથી. જેમ કોઇ મહાન્ અમલદારને કૉન્સ્ટેબલની જગા આપવાથી આરૂઢપતિત થાય છે. તેમ સન્યાસી ગૃહસ્થ થાય તો તે આરૂઢપતિત કહેવાય છે. માટે નિયમસર ચારે આશ્રમનું પરિપાલન કરવું જોઇએ.

બ્રહ્મચર્ય અવસ્થામાં વિદ્યાભ્યાસ સિવાય બીજું કાંઇ કર્તવ્ય નથી. કેવળ એક વિદ્યાભ્યાસજ કર્મ છે. વિદ્યા પ્રાપ્ત કરવા સમ્બંધમાં જુઓ કે જુદાજુદા મત છે પરન્તુ સમયાનુસાર જેથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરૂષાર્થ સિદ્ધ થઇ શકે તેવી વિદ્યા પ્રાપ્ત કરવી. વિદ્યા પ્રાપ્ત કરવા બ્રહ્મચર્યની ખાસ આવસ્યક્તા છે. પરન્તુ હાલના વ્યવહારમાં બ્રહ્મચર્ય નથી. આપણામા ઉપવિત વખતે દોડનાર બડવાને ત્હેનો મામો તેડી લાવે છે એવું ફારસ માત્ર કરીએ છીએ. અસલના વખતમાં કાશી વગેરે સ્થળોમાં વિદ્યા પ્રાપ્ત કરવા માટે યુનિવર્સિટિ (ગુરૂકુલ) હતાં ને ત્યાં ઉપવિત લીધા બાદ બાળકો વિદ્યા પ્રાપ્ત કરવા જતાં જ્યારે ત્હેમનો વિદ્યાભ્યાસ પૂરો થતો ત્યારે **सवर्णा लक्षणान्विताम्** સારા લક્ષણયુક્ત કન્યાની સાથે લગ્ન કરી ગૃહસ્થી થતા; શરીરના નિર્વાહ માટે જેમ અન્નની જરૂર છે તેમ અન્ન મેળવવા સાથે આત્માની ઉન્નતિકરવા વિદ્યાની આવશ્યક્તા છે. આપણે ધર્મનું રક્ષણ કરવું જોઇએ, પણ હાલ ઉલટા ધર્મથી પતિત બન્યા છીએ. એટલે લગ્નની ડેરી બાંધી આપણા બાળકોને વિદ્યાભ્યાસપર મીડું મુકાવીએ છીએ. ઉપવિત આપ્યા પછી તરતજ ત્હેના જેવડી અગર એકાદ બે વર્ષ મ્હોટી કન્યા સાથે લગ્ન કરીએ છીએ. એટલુંજ નહિ પરન્તુ તેમની બાર તેર વરસની ઉમ્મરમાં અજ્ઞાન દંપતિને એક અંધારા ઓરડામાં પુરીએ છીએ. તેથી તેઓ થોડું જીવન ભોગવી ઉગતાંજ નાશ પામે છે. આથી પોતાની પ્રજા હાથે કરી હણ્યાનું આપણને પાપ લાગે છે ને આજ પાપથી અત્યારે દુઃખી છીએ. વિદ્યા સિવાય આપણે અજ્ઞાનતાથી વ્યવહારમાં પણ અધોગતિ થાય છે. આજે આ બેંતાળીસ ગામના સમૂહમાં હું એકે વિદ્વાન કે વેપારી જોતો નથી, ત્હેનું કારણ માત્ર બાળલગ્નજ છે. બ્રહ્મચર્યના અભાવે સ્વતંત્ર બુદ્ધિથી વિચાર કરવો બાજુએ મુકયો છે, તેમાં જુઓ કે દોષ રૂઢીનો છે તોપણ પરિણામ મહાન્ અનિષ્ટ આવે છે, માટે બ્રહ્મચર્યનેજ પ્રથમપદ આપી સદ્‌વિદ્યા પ્રાપ્ત કરી મ્હોટી ઉમ્મરે લગ્ન કર્યા સિવાય કદિ આપણી ઉન્નતિ નથી.

આપણે વિચાર કરીશું તો કેવળ પુત્રનેજ વિદ્યાભ્યાસ કરાવવો એમ નથી, પરન્તુ

પુત્ર અને પુત્રી બન્નેને વિદ્યાભ્યાસ કરાવવો ઇષ્ટ છે. પરાશર સ્મૃતિમાં જે વિધાન છે તેથી છોકરીને બાલ ઉમ્મરમાંજ પરણાવવી જોઇએ એવો હેતુ નથી; એ તો માત્ર સંજ્ઞા–નામજ છે. પ્રાચીન કાલમાં સ્ત્રીઓ વિદ્વાન હતી તેથી અનુમાન થાય છે કે તેઓ મ્હોટી ઉમ્મરે લગ્ન કરતી હતી. પુત્રી રજસ્વલા થયા પછી ઘરમાં રાખવી તે પાપ માન્યું તે સમ્બંધી મ્હારી ના નથી, પણ જેટલે અંશે બ્રહ્મચર્યની પુરૂષને આવશ્યક્તા છે તેટલાજ અંશે સ્ત્રીને છે. તે સિવાય ઘણું નુકશાન થાય છે, એટલે પ્રથમની પ્રસૂતિમાં સેંકડે ત્રીસ મરી જાય છે. માટે બ્રહ્મચર્યની બન્નેને જરૂર છે. આથી સ્ત્રીને તેટલી છૂટ મળવી જોઇએ. પુત્રીને સાત આઠ વરસમાં પરણાવવાથી વિધવાઓની સંખ્યામાં વધારો થયો છે. તેઓ અનેક અધર્મો આચરે છે તે તમોથી અજાણ્યું નથી; તેમના પાપ–શ્રાપથી આપણી અધોગતિ થઇ છે. વિધવાઓને સાસરામાં સમાસ નહિ ને ઘંટી પીશીને ગુજરાન કરવું પડે છે. કદાચ કોઇનાં માબાપ સુખી સ્થિતિમાં હોય ને વિધવા પુત્રીને ઉપર કહ્યું કષ્ટ ન હોય તો તે અધર્મના માર્ગે ચઢી માબાપની ઇજતપર પાણી ફેરવે છે. ત્હમો ત્હેમના માટે કાંઇ કરતા નથી એ ઘણું દિલગીર થવા જેવું છે માટે હું આપને ભલામણ કરૂં છું કે પુત્રીઓને અવસ્ય કેળવવી જોઇએ.

પ્રજા માતાપિતાનું ફળ છે ને માબાપની બુદ્ધિ છોકરાંમાં આવે છે. સ્ત્રીની અજ્ઞાનતામાં બાળલગ્નથી જે પ્રજા થાય છે તે અડધા જ્ઞાનવાળી હોય છે; કારણ મા અજ્ઞાન છે. હાલની આપણી પ્રજા કોઇપણ કામ માટે નાલાયક માલમ પડે છે તેનું કારણ માની અ-જ્ઞાનતાજ છે. અડધા અંગને અજ્ઞાનતારૂપ પક્ષપાત થયો હોય ત્યાં અડધનું નિરોગ શરીર શું કામ કરી શકે ? ત્હમો કહેશો કે સ્ત્રીઓને રાંધવા ખાવા સિવાય બીજું શું કામ ? ત્હેનો જવાબ માત્ર એ છે કે રાજા ગમે તો અજ્ઞાન હોય તોપણ વિદ્વાન પ્રધાન સઘળો રાજ્ય કાર્યભાર પોતાની કાર્યદક્ષતાથી નિભાવે છે, તેમ ગૃહરાજ્યમાં સ્ત્રી પ્રધાન છે ને ત્હેના પરજ ઘરની વ્યવસ્થાનો સઘળો આધાર છે; એટલુંજ નહિ પરંતુ ભાવી પ્રજાનું તે ઉત્પત્તિ સ્થાન છે. ઉપરાંત બાળક અમુક ઉમ્મરનો થતાં સુધી ત્હેના સહવાસમાં રહી ત્હેના સ્વ-ભાવનું–લક્ષણનું અનુકરણ કરે છે. આથી પણ સ્ત્રીને વિદ્વાન બનાવવાની આવશ્યક્તા સિદ્ધ થાય છે. મ્હારે ઘણી દિલગિરી સાથે કહેવું પડે છે કે કન્યાઓની કેળવણીમાં ઘણી અધમ સ્થિતિ છે. બંધુઓ ! કન્યાને ૧૬ વરસ ને પુત્રને ૨૪ વરસ સુધી બ્રહ્મચર્ય પળાવી પૂર્ણ વિદ્વાન કરી નહિ પરણાવીએ તો આપણ પાયમાલ થઇશું. આજથી પચાસ વરસ પહે-લાંનો ડોસો આપણા જુવાનો કરતાં વધારે સશક્ત માલમ પડે છે ત્હેનું કારણ તે વખતે નિર્વાહ માટે આટલી ચિન્તા નહોતી, તેમ પચીસ ત્રીસ વરસના થતા સુધી શરીર નિર્વાહ બીજાઓ તરફથી થતો ને તે પછી પણ પોતાનો સંસાર નિભાવવો એ આટલું દુર્ઘટ નહોતું. હાલ તેમ નથી. આ વિદ્યાના જમાનામાં અજ્ઞાન વ્યક્તિએ શેર અનાજ મેળવવું ઘણું કઠણ છે તેમાં હાલ અનેક વૈભવો વધ્યા છે, એટલે પૈસાનો આ માર્ગે વ્યય થતાં વિદ્યા મેળવવી ઘણી કઠણ પડે છે. હું કહેવાને દિલગિરછું કે આ જ્ઞાતિમાં એક ગ્રેજ્યુ-એટ નહિ, સારો વેપારી નહિ, સધન નહિ, વિદ્વાન નહિ અને કેવળ રસોઇઆ બ્રાહ્મણ અનેક હશે. બન્ધુઓ ! પુરાણીવૃત્તિમાં કાંઇ માલ નથી. હાલ તો રાજભાષાનું માન છે માટે ગમે તે જોખમે બ્રહ્મચર્ય પાળી વિદ્યાભ્યાસ કરવો જોઇએ.

'હું પોતાના હિત કરતાં સમાજના હિતને વધારે ચાહીશ' આ ભાવના જ્યાંસુધી આપણી થઇ નથી ત્યાંસુધી કદિ ઉન્નતિ નથી. માટે વ્યક્તિએ પોતાના હિત કરતાં સમાજના હિતમાં વધારે લક્ષ રાખવું જોઇએ. આખા શરીરમાંથી એક અંગ કાઢી લીધાથી જેમ શરીરનો સઘળો વ્યવહાર અટકી પડે છે તેમ એક વ્યક્તિના દુઃશ્ચરણથી આખા સમાજને હાનિ થાય છે. તેથી ઉલટું એ સારી વ્યક્તિથી અખિન્ન સમાજની પ્રતિષ્ટા વધે છે. પાશ્ચાત્ય પ્રજામાં જ્યાંસુધી 'આ મ્હારો દેશ' એવું અભિમાન છે ત્યાંસુધી જ ત્હેને માન મળે છે માટે આપણે પણ આ 'મ્હારી જ્ઞાતિ' એવું અભિમાન રાખી જ્ઞાતિના હિતમાંજ પોતાનું હિત સમજી વર્તવું જોઇએ. પરન્તુ આ અભિમાન આપણને ત્યારેજ પ્રાપ્ત થઇ શકે કે જ્યારે આપણ બ્રહ્મચર્ય પાળી પૂર્ણ વિદ્વાન થઇ હિતાહિત સમજી શકીએ. માટે મુખ્ય વાત એ છે કે પુત્ર પુત્રી માટે વારસામાં બીજી કોઇપણ સમ્પત્તિ મુકી જવા કરતાં ત્હેમને વિદ્વાન બનાવવાં એ માબાપની પહેલી અને ધાર્મિક ફરજ છે.

ગૃહસ્થાશ્રમમાં છોકરાંને કેળવણી આપવા જે મેં કહ્યું છે તેમાં મુખ્ય વાત ચારિત્ર્ય સંબંધી છે, આપણામાં પણ કહેવત છે કે 'બાપ તેવા બેટા.' માબાપ સારાં તો છોકરાં સારાં. માબાપે પ્રથમ પોતાનું વર્તન એવું ઉત્તમ પ્રતિનું રાખવું કે જેથી છોકરાં સ્વયં ઉત્તમ ચારિત્રયુક્ત બને. જેવું માબાપનું શિક્ષણ તેવું છોકરાંનું જીવન-ચારિત્ર્ય થાય છે, અને પ્રથમનાં દશ બાર વરસની ઉમ્મરમાં અપાતી કેળવણી પર છોકરાંના ભાવિજીવનનો આધાર છે. શરૂઆતના સંસ્કાર કદિ ખસતા નથી માટે માબાપે ચારિત્ર્યયુક્ત પ્રજા બનાવવા પોતાનું વર્તન ઘણું ઉત્તમ પ્રતિનું રાખવું જોઇએ.

વાનપ્રસ્થ અને સન્યાસ આશ્રમ સંબંધી હું કાંઇ કહેતો નથી. સામાજીક ઉન્નતિ શી રીતે થાય તે તરફ ત્હમારૂં લક્ષ ખેંચું છું પ્રથમ સામાજીક ઉન્નતિ કોને કહેવી! આ પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે જે કાળમાં—જે સમાજમાં આપણે રહેતા હોઇએ ત્હેને અનુસરી ધર્મપ્રમાણે વર્તી તે સમૂહનું ભલું કરવું ત્હેનું નામ સામાજીક ઉન્નતિ. કેળવણી માટે પૈસા કરતાં સ્વાર્પણની વધારે જરૂર છે માટે સ્વાર્પણથી કેળવણીનો પ્રચાર કરી સામાજીક ઉન્નતિ કરવી જોઇએ. સારૂં ન થાય તો ખોટું ન થવા પામે તે માટે ધ્યાન આપવું અને હાનિકારક રિવાજોનો ત્યાગ કરવો. હમણાં આપણને અનેક વ્યસનોએ ઘેરી લીધા છે તે સૌનો ત્યાગ કરો. આત્મબળ શિવાય કલ્યાણ નથી અને તેથીજ અનિષ્ટ રિવાજો દુર કરાય છે. જ્ઞાતિના એકાદ દુર્બલ માણસે કદાપિ સારા માઠા પ્રસંગની જમણવાર ન આપી તો ત્હેનો ત્યાગ કરવો નહિ પણ ત્હેની પરિસ્થિતિનો વિચાર કરી બનતી મદદ કરવી. એ પણ સમાજનું અંગ છે એ કદિ ભૂલવું નહિ. સ્થિતિને અનુસરી યોગ્ય લાગે તો વરા કરવા, પણ કીર્તિની ખાતર ઘર જમીન કે સ્ત્રીનાં ઘરેણાં ઉતારી છોકરાંને કરજના કુવામાં નાંખી કદિ વરા કરવા નહિ. કુલાભિમાન સમયને અનુસરી ઠીક છે; તેમાં કુલવાન સત્ચારિત્ર્યવાન્ હોય તો સાકરમાં ઘી ભળ્યા જેવું છે. પરન્તુ આપણે તો સારૂં કરે તે સારો એમ માની કન્યા આપવા લેવાનો વ્યવહાર રાખવો જોઇએ. ઘોળ બાંધવાથી સુખ અને દુઃખ બન્ને છે તે પર વધુ કહેવા માગતો નથી; પણ સમૂહબંધન માત્ર દુઃખ અટકાવવાના સાધન રૂપ છે. આ જ્ઞાતિમાં પચાસ વરસ પહેલાં ૫૦૦ ઘર હતાં ને હાલ ૪૦૦ ઘર છે ત્હેનું કારણ કન્યાની અછત. આ દુઃખ કમી કરવા માટે સમૂહબંધન ઠીક

છે, બાકી કન્યા આપવા લેવાનુ ક્ષેત્ર ઘણું વિશાળ જોઇએ. ત્હમાએ જે સમૂહ બાંધ્યો છે ત્હેને નિભાવવોજ ઇષ્ટ છે. જો આ બંધન તોડી નાંખશો તો પાયમાલ થશો. પોતાની વંશવૃદ્ધિ માટે બહારથી કન્યા લાવવી અને જે કુલાભિમાનથી તમોને કન્યા આપે નહિ ત્હેને ત્હમારે કન્યા આપવી નહિ. ન્યાત તેડવી, ચોખળું કરવું એ કાંઇ જ્ઞાનનું સાધન નથી. માટે તેવાં ખર્ચ કમી કરી દરસાલ આવા મેલાવડાઓ-સમાજો ભરી ઉન્નતિના માર્ગ શોધવા જોઇએ.

વિદ્યોત્તેજક ફંડ એકઠું કરવું જોઇએ. કાયમના ફંડ સિવાય કાંઇ કરી શકીએ નહિ; પણ જ્યાંસુધી વિશેષ કરીએ નહિ ત્યાંસુધી જ્ઞાતિના દરેક માણુસે દરસાલ એક એક રૂપિઓ આપવો. આ માર્ગ ઘણો ઉત્તમ છે ને તેથી ત્હમો ઘણું સારૂં કરી શકશો. ફંડ ભેગું કરવું તેનો આધાર નાણાંના ઉપયોગ પર છે. ફંડમાં રકમ ભરનાર દરેક માણુસ વિચાર કરશે કે ત્હેનો શું ઉપયોગ થાય છે. જો સત્કાર્યમાં ફંડના નાણાંનો ઉપયોગ નહિ થાય તો કોઇ પૈસો આપશે નહિ. માટે ઉમંગ અને સ્વાર્પણથી વિદ્યાફંડ એકઠું કરી નિરાધાર જ્ઞાતિબાળકોને વિદ્યાદાન આપવામાં ત્હેનો વ્યય કરવો. ધાર્મિક ઉન્નતિ શિવાય આપણી ઉન્નતિ થવાની નથી; માટે પ્રથમ ધાર્મિક ઉન્નતિની આવશ્યકતા છે. ધર્મનો ઉદ્ધાર સદાચાર પર છે, કલહ-આગ્રહ પર નથી, આગ્રહથી મમત થાય છે ને મમતથી એક બીજાને તોડી પાડવા તરફ બુદ્ધિ વળે છે; માટે ધાર્મિક ઉન્નતિ કરવા નિત્યકર્મોનું અનુશીલન અને સદ્ગ્રંથોનું પઠનપાઠન અવશ્ય કરવું જોઇએ. આખા દિવસમાં વધારે વખત ન મળે તો પદર મિનિટ પણ પોતાના આન્હિક માટે રાખવી જોઇએ. બન્ધુઓ ! પરંપરાના ધર્મનો કદી ત્યાગ કરવો નહિ.

ચાલુ તાળીઓના અવાજ સાથે પોતાનું વ્યાખ્યાન સમાપ્ત કરી પ્રમુખશ્રીએ આસન લીધું હતું તે પછી ત્હેમની આજ્ઞાનુસાર નામદાર શહેનશાહ પાંચમા જ્યોર્જ મહારાજાને આશિર્વાદ દેવાની પ્રથમ દરખાસ્ત મુકતાં રા. વિઠ્ઠલરાય ગોરર્ધનપ્રસાદ વ્યાસે જણાવ્યું કે:—

મહાશયો ! અત્યારે આપણે કોઇ પણ જાતના હેલા હરકત સિવાય ભેગા મળી વિચાર ચલાવી શકીએ છીએ તે સૌ પ્રતાપ નામદાર ઇંગ્રેજ સરકારનો છે. પ્રથમ મુસલમાની રાજ્યમાં આપણુને હરવા ફરવાની છૂટ નહોતી, જમવા માટે તૈયાર કરેલી રસોઇ આપણુ જમી શકતા નહિ. આ સૌ દુઃખ અત્યારે નામદાર બ્રિટિશ સરકારના શાન્તિપ્રદ રાજ્ય અમલથી દૂર થયું છે, એટલુંજ નહિ પરન્તુ વિદ્યાકલાથી આપણે અનેક રીતે માહિતગાર થયા છીએ. બીજા દેશ સાથે વેપાર રોજગારથી ગાડી, તાર, આગબોટ વગેરે સાધનથી અનેક રીતે સુખી છીએ. જે સુખ અત્યારે આપણે ભોગવીએ છીએ તે ૫૦૦ વરસ પહેલાં આપણા વડિલોને નહોતું. આપણા મહારાજા રામચન્દ્રના રાજ્યનું જે સુખ સાંભળીએ છીએ તેજ સુખ અત્યારે પ્રત્યક્ષ અનુભવીએ છીએ; માટે આ સમાજનું કાર્ય શરૂ કરતા પહેલાં શ્રીમાન્ મહારાજા પાંચમા જ્યોર્જ જેઓ થોડાક વખતમાં હિન્દના પાયતખ્ત દિલ્હી શહેરમાં રાજ્યારૂઢ થનાર છે ત્હેમને આશીર્વાદ રૂપ નીચેનોએક ઠરાવ પ્રથમ પસાર કરવાની હું આપ સમક્ષ દરખાસ્ત મુકું છું. અને બ્રાહ્મણોનું કર્તવ્ય આશિર્વાદ આપવાનું છે એમ ધારીએ સંદેશો મહેરબાન કલેકટર સાહેબમારફત મોકલવાની સર્વે ભૂદેવોને ભલામણ કરૂં છું. (તાળીઓ)

આ દરખાસ્તને કવિ આશારામ જયભાઇ (પણસોરા) એ અનુમોદન આપતાં જણાવ્યું કેઃ–રાજામાં ઇશ્વરનો અંશ છે. આપણે દરરોજ જે નિત્યકર્મ કરીએ છીએ તે-માંથી અમુક ફળ રાજાને પ્રાપ્ત થાય છે એવું ધર્મશાસ્ત્રોમાં વિધાન છે. એમ જણાવી આશિર્વાદ રૂપ સુંદર કવિતા ગાઇ હતી.

આ દરખાસ્તને માસ્તર લલ્લુભાઇ મયારાંમ (ચકલાશી) એ વિશેષાનુમોદન આ-પતાં જણાવ્યું કે સને ૧૮૧૮ થી આ રાજ્યઅમલ શરૂ થયો ત્યારથી વાઘ અને બકરી એક આરે પાણી પીએ છે. બ્રિટિશ રાજ્યના પ્રતાપે આપણે વિદ્યામાં આગળ વધી ધર્મ સમજતા થયા છીએ. ધર્મને કોઇ જાતનો બાધ નથી. સૌ પોતપોતાના ધર્મ પ્રમાણે નિ-ર્ભય વર્તી શકે છે માટે નામદાર સરકારને આશિર્વાદ આપવો એ આ બ્રહ્મમંડળનું પ્રથમ કર્તવ્ય સમજું છું.

આ પ્રમાણે વિશેષાનુમોદન મળતાં પ્રમુખશ્રીએ નામદાર શહેનશાહને આશિર્વાદ રૂપ નીચે પ્રમાણે પ્રથમ ઠરાવ હર હર મહાદેવના ત્રણ વખત જયઘોષ સાથે પસાર કર્યો હતો.—

ઠરાવ ૧ લો.

જે શહેનશાહતના પ્રતાપે આપણે સર્વે ભાઇઓ વિદ્યાનાં શુભ ફળ ચાખવાને માટે ભાગ્યશાળી થયા છીએ, જે શહેનશાહતની અમિદૃષ્ટિના પ્રભાવથી આપણે સ્વતંત્રતાનું સુખ ભોગવી શકીએ છીએ, જે શહેનશાહતની ઉદાર રાજનીતિના પરિણામે સુખ, શાંન્તિ તથા નિર્ભયતામાં વિચરીએ છીએ, અને જે શહેનશાહતના શિતળ છત્ર નીચે આપણે અત્રે આજે એકત્ર મળી શકયા છીએ તે શહેનશાહત પ્રત્યે આપણી રાજ્યનિષ્ઠા દર્શાવવી એ ઇષ્ટ હોવાથી આ બ્રહ્મસમાજ બ્રાહ્મણના ધર્મરૂપ આશીર્વચન ઉચ્ચારે છે કે નેકનામદાર શહે-નશાહ પાંચમા જ્યોર્જ જેઓ આપણા હિંદુસ્તાનના પાયતખ્ત દિલ્હીમાં આવતા ડીસેમ્બરમાં તખ્તનશીન થવાના છે તેઓશ્રી દીર્ઘાયુ ભોગવો, તથા તેઓ પ્રજાના અનેક આશીર્વાદ પામો તથા તેઓનાં પવિત્ર નામો અમારા અન્તઃકરણોમાં ચિરસ્થાયી રહો.

(આ ઠરાવ પાછળથી મે. કલેકટર સાહેબને મોકલી આપ્યો હતો.)

બીજી દરખાસ્ત માસ્તર લલ્લુભાઇ મયારામે સમૂહબચન દૃઢ કરવા વિષે મૂકતાં જણાવ્યું કેઃ–સમૂહથી થતા લાભ એ વિષે આજે હું તમારી સમક્ષ દરખાસ્ત મુકવા માગું છું. પ્રથમ આપણ સર્વે આર્યપ્રજા મધ્ય એશિયામાંથી આવી પંજાબમાં વશી, ને ત્યાંથી આગળ વધતાં જે પ્રથમની અનાર્ય પ્રજા હતી હેને હાંકી કાઢી દક્ષિણમાં ને છેવટે સમસ્ત આર્યાવર્ત્તમાં આપણો નિવાસ થયો. પ્રથમ આપણે રૂગ્વેદ સંપાદન કર્યો અને આગ્રા વગેરે શહેર બાંધી રાજ્ય કર્યું. તે પછી બીજા વેદ અને વર્ણ થયા એટલે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શુદ્ર એમ ગુણ કર્મથી ચાર વર્ણ થઇ. હેમને ધર્મનું, નીતિનું, વ્યવહારનું, ઇશ્વરનું જ્ઞાન આપવા ષટ્શાસ્ત્રો અને મનુસ્મૃતિ વગેરે ધર્મગ્રન્થો બનાવ્યા. ત્યાર બાદ મહાભારતના સમય સૂધી આ વ્યવસ્થા નિભ્યા કરી; પરન્તુ તે પછીના રાજા–પ્રજામાં અનેક જાતનાં મતભેદ પડવાથી સેંકડો વર્ણ થઇ, અને મુસલમાની રાજ્યમાં તો તેમના ત્રાસથી એક એક વર્ણમાં અનેક વિભાગો પડયા. આપણા પૂર્વજોને મહારાજ મૂળરાજ સોલંકીએ ઉત્તરમાંથી તેડાવી ગામ આપી વસાવ્યા. તે પછી માધવ અને કેશવના પાપે અલાઉદ્દીન

સુલતાનના પંજામા ફસાયા. પછી મુસલમાનોના જુલમથી કન્યા આપવાનું ક્ષેત્ર ઘણું સંકુચિત અને બાલ ઉમ્મરમાં લગ્ન કરવાનું પસંદ કર્યું. સદ્‌ભાગ્યે બ્રિટિશ સરકારના રાજ્યથી આ દેશમાં સર્વત્ર શાન્તિ પ્રસરી એટલે હવે તેવી જાતનો ભય નહિ હોવાથી આશા છે કે આપણુ મૂળ સ્થિતિપર આવી શકીશું. આ સમૂહ પરમાનંદ વ્યાસે બાંધ્યા ને આજે લગભગ દોઢસો ઉપરાન્ત વરસ થયાં હશે. આ સમૂહમાં કેટલાક કુલાભિમાન રાખતા કુલિનો સમૂહ બહાર કન્યા આપી સમૂહમાંથી કન્યા લે છે, કેટલાક માંહોમાંહે કન્યા આપ લે કરે છે, કેટલાક સમૂહમાંજ કન્યા આપી બહારથી લાવે છે, અને કેટલાક આ સમૂહમાં ફક્ત જમવા જેટલોજ વ્યવહાર રાખે આથી સમૂહબંધન શિથિલ થયું છે. એટલા માટે સમૂહ બહાર જતી કન્યાઓ સમૂહમાંજ આપી સગાઇના સૂત્રથી આ સમૂહ દ્દઢ કરવા આપ સર્વેને પ્રાર્થના કરૂંછું. જેથી (૧) દ્વેષનો નાશ થઇ પ્રીતિમાં વધારો થતાં એક બીજાનું હિત કરવા તરફ ચિત્ત દોરાશે. (૨) સંપથી સંપત્તિમાં વધારો થતાં વિદ્યામાં વધારો થશે. (૩) વિદ્યાના વધારાથી વિવેક અને આચાર વિચાર આવશે. (૪) આચારવિચાર સુધરતાં બાળલગ્ન અટકશે. (૫) બાળલગ્ન અટકયાં એટલે કન્યાની છત થતાં કન્યાવિક્રયનો સમૂળગો નાશ થશે. (૬) વિધવાઓની સંખ્યા ઘટશે, અને છેવટે ઉદ્યોગ તથા સુખમાં વધારો થશે. આ રીતના અનંત લાભ દર્શાવી પોતાનું વ્યાખ્યાન પૂર્ણ કર્યું હતું. (તાળીઓ).

ઉપલી દરખાસ્તને પાઠક મણીશંકર તુલસીરામે (જામનગર) અનુમોદન આપતાં જણાવ્યું કેઃ–વ્યવહારમાં ઔદિચ્ય સહસ્ત્ર એ નામથી આપણી ગણુના છે. આપણા ઘરડાઓ ઉત્તરમાંથી આવ્યા માટે ઉદિચ્ય કહેવાયા. એક હજારની સંખ્યામાં આવ્યા માટે ઉદિચ્ય સહસ્ત્ર એ નામ મળ્યું. સમૂહબંધનથી ઘણા લાભ છે. હું સર્વે સમૂહને એક માનું છું. પરન્તુ હાલના સંયોગો વિચારતાં ભાગલા પાડવાથી ઘણો લાભ છે, જેને જ્ઞાતિનું અભિમાન નથી ત્હેની જનનીએ ત્હેને જન્મવા બદલે ગર્ભપાત કેમ ન કર્યો !! જુઓ કાળીના છોડને ફુલ બેસી મોગરો થવાની તૈયારીમાં જો કોઇ આંગળી કરે તો કરમાઇ ગરી પડે છે. આવી રીતે આપણે પણ સ્વમાનનું અભિમાન રાખી, આપણા પ્રતિ જે ઇર્ષા–દ્વેષથી આંગળી કરતા હોય ત્હેને બતાવી આપવું કે અમો કદિ પણ આ સમૂહ બંધનને શિથિલ થવા દેનાર નથી. સમૂહબંધન નિભાવવા માટે આગેવાનની જરૂર છે. જો આગેવાન સારા હોય તો જ્ઞાતિ સુધરે છે. સમાજ અર્થાત્ સમૂહબંધન તે શું તે નહિ સમજવાથી બેતાળીશ ગામના સંપ્રદાયમાંથી ફક્ત ૧૫૦ માણુસો અત્રે હાજર થયેલા અત્યારે દ્દષ્ટિગોચર થાય છે, પરન્તુ સમૂહ અને સમાજનો અર્થ બરાબર સમજતાં હોત તથા તેમાં થતા કામકાજનું જો જ્ઞાન હોત તો આજે લગભગ ૪૦૦–૫૦૦ ભૂદેવોનું દર્શન અત્રે થઇ શકત. વધારે કહેવા માગતો નથી, પણ જ્ઞાતિનું અભિમાન રાખી સમૂહને દ્દઢ નિભાવવા તત્પર રહેવું અને ૪૨ ને બદલે ૪૪ અને તેથીએ વધારો કરી જેમ બને તેમ સમૂહ મોટા અને આબાદ કરવા આપનું લક્ષ ખેંચી બેસી જવાની રજા લેઉંછું (તાળીઓ)

મિ. વિઠ્ઠલરાય ગોવર્દ્ધનપ્રસાદ વ્યાસે વિશેષ અનુમોદન આપતાં જણાવ્યું કે આપણે સમૂહ બાંધી ચૂકયા છીએ તેને આપણે નિભાવવો એજ આપણું પ્રથમ કર્ત્તવ્ય છે. દરેક મનુષ્યની ઇચ્છા પોતાની ગણુના ઉત્તમ માણુસમાં થાય તેવી હોય છે. ઉત્તમ પુરૂષનું

લક્ષણુ છે કે " **प्रारब्धमुत्तमजना न परित्यजन्ति** " આરંભેલું કાર્ય ઉત્તમ પુરૂષો કદાપિ પણુ છોડી દેતા નથી. ઉન્નતિના શિખરે ચઢવાનો તમે જે આ સમૂહ આરંભ્યો છે તેને નિભાવવો એજ તમારી હવે ઉત્તમતા છે. તમે જે સુબીજ વાવશો તેમાંથી ઉદ્ભવેલ વૃક્ષનાં ફળ તમે નહિં તો તમારી ભાવિ પ્રજા પણુ ચાખશે એમ માની પોતાની ફરજ અદા કરવા નિશ્ચય કરશો. એમ કહી પોતાનું આસન લીધું. (તાળીઓ)

તે ઉપરથી મે. પ્રમુખ સાહેબે નીચેનો બીજો ઠરાવ તાળીઓના ગડગડાટ વચ્ચે પસાર થયેલો જણાવ્યો હતો.

ઠરાવ ૨ જો.

સમૂહબંધન આપણી જ્ઞાતિને ઇષ્ટ છે, માટે સમૂહબંધનને સર્વેભાઇઓએ વ્યક્તિગત હિતના ભોગે પણુ દૃઢ કરવા તત્પર રહેવું એવી આ સમાજની ઇચ્છા છે.

ત્રીજી દરખાસ્ત **જોશી કૃષ્ણુરામ કાળીદાસે** (ચકલાશી) " જ્ઞાતિની ઉન્નતિ " વિષે મુકતાં જણાવ્યું કે ઉન્નતિના અનેક માર્ગ છે તેમાં સદ્વિદ્યા પ્રાપ્ત કરી, ધર્મશાસ્ત્રોએ બતાવેલા માર્ગે ચાલી ઉન્નતિ કરવી એજ શ્રેષ્ટ છે. કેટલાક લોકો અધર્મથી દ્રવ્યવાન થઇ એકાદ બે સારા વરા કરવાથી પોતાની ઉન્નતિ થઇ એમ માની બેસે છે. પરન્તુ ખરી રીત્યે તેમ નથી. અનેક કષ્ટો સહન કરવા છતાં ધર્મનું પરિપાલન કરતાં જે ઉન્નતિ થાય તેજ ખરી ઉન્નતિ છે. જ્ઞાતિની ઉન્નતિ કરતા પહેલાં તેની ચિકિત્સા કરવાની ખાસ જરૂર છે. રોગી માણુસના રોગની જેમ વૈદ્ય નાડીપરીક્ષા કરી યોગ્ય ઔષધોપચારથી આરામ કરે છે તેમ કુધારારૂપી રોગોનો નાશ કરવા ચિકિત્સા કરવી જોઇએ. જ્ઞાતિની ઉન્નતિ એજ પોતાની ઉન્નતિ છે તેથી હું જ્ઞાતિ ઉન્નાત માટે દરખાસ્ત મુકું છું એમ કહી આસન લીધું. (તાળીઓ).

આ દરખાસ્તને અનુમોદન આપતાં **પંડિત રેવાશંકર જગજીવને** જણાવ્યું કે ઉન્નતિના અનેક વિભાગ છે. શરીરનો અમુક ભાગ બગડે તેમ બગડવા દીધાથી પરિણુામે આખા શરીરને હાનિ થાય છે, તેમ જ્ઞાતિમાંથી અમુક વ્યક્તિને માટે આંખ આડા કાન કરવાથી પરિણુામે જ્ઞાતિ ઉન્નતિમાં ધક્કો લાગે છે માટે દરેક વ્યક્તિએ સમસ્ત જ્ઞાતિનું જેમ હિત થાય તેમ વર્તવું જોઇએ. સુતરનો એક તાર પવન લાગવાથી તુટી જાય છે, પણુ એવા ઘણુાક તારો ભેગા થવાથી એક દોરડુ થતાં પવનનું બળ ચાલવા દેતા નથી નથી તેટલુંજ નહિં પણુ મદોન્મત્ત માતંગને બંધનયુક્ત કરવા સમર્થ થાય છે. તેવી રીત્યે તમારા સંપરૂપી એકત્ર દોરડાની ખાસ આવશ્યક્તા છે. આપણી વસ્તી એકંદર ચાર લાખની છે અને તે સૌ એકજ સમુદાયના છે એમ માની ભ્રાતુભાવ વધારવો જોઇએ. જ્યાંસુધી અરસ્પરસ પ્રીતિની દોરીથી તમો નહિ ગુંથાઓ ત્યાંસુધી ઉન્નતિ થવી મુસ્કેલ છે. આટલું બોલી આસન લીધું. (તાલીઓ)

વિશેષ અનુમોદન **પંડયા સોમેશ્વર ગંગારામે** (બેડવા) આપતાં જણાવ્યું કે આપણે જે અવનત દશાને પ્રાપ્ત થયા છીએ તેનું કારણુ અવિદ્યા છે. એટલે વિદ્યા શિવાય ઉન્નતિ નથી. વિદ્યા એજ સર્વ ઉન્નતિનું મૂળ છે વિગેરે વિવેચન કરી **विद्यारुपं कुरुपाणां क्षमारुपं तपस्विनाम् ॥** આ વાક્યને સમજાવી વિદ્યા પ્રાપ્ત કરવામાં બાળલગ્ન અવરોધ કરનાર છે એમ કહી સખ્ત શબ્દોમાં તેને વખોડી કહાડયું હતું અને પોતાનું આસન લીધું હતું.

આ દરખાસ્તને વિશેષ પુષ્ટિ આપતાં શુકલ ડાહ્યાભાઇ બેચરરામે (સરસવણી) વિદ્યા શિવાય ઉન્નતિ નથી એમ જણાવી ઠરાવ પસાર કરી પ્રાતઃકાળની કાર્ય વારી પૂર્ણ કરવા પ્રમુખશ્રીને વિનંતિ કરી હતી એટલે નીચે પ્રમાણે જ્ઞાતિ ઉન્નતિનો ત્રીજો ઠરાવ પસાર કરી હર હર માહાદેવના જયઘોષ સાથે સવારનું કાર્ય પૂર્ણ કરી બ્રહ્મ મંડળ જમવા માટે વેરાયું હતું.

ઠરાવ ૩ જો.

જ્ઞાતિ ઉન્નતિ હરેક પ્રકારે કરવી અને તે માટે જેવા યોગ્ય લાગે તેવા ઉપાયો યોજવા એવો આ સમાજનો મત છે.

પુનઃ સાંજના ત્રણ વાગે કાર્ય શરૂ કરતાં રા. કેશવલાલ ગોરધન સુકલે (કઠલાલ) **સ્વધર્મ** વિષે દરખાસ્ત મુકતાં જણાવ્યું કે સ્વ+ધર્મ=સ્વ=પોતાનો ધર્મ. આપણે બ્રાહ્મણ છીએ. એટલે મનુ સ્મૃતિ વિગેરે શાસ્ત્રોમાં બતાવેલા બ્રાહ્મણ કર્માનુસાર જીવન ગાળી વ્યવહાર કરવો એ આપણો ધર્મ છે **नरेषु ब्राह्मणाः स्मृताः** સઘળાં મનુષ્યોમાં બ્રાહ્મણ શ્રેષ્ટ છે. અને તેથીજ મહારાજ મૂળરાજ સોલંકીએ ઊત્તરમાંથી તેડાવી વસાવ્યા. તેના તનુંજ આજે સ્વધર્મ પર મીઠું મુકે છે એ શરમાવા જેવું છે. માટે વધારે ન બને તો બ્રાહ્મણે સ્વધર્મ તરીકે **स्नानं सन्ध्या जपो होमः स्वाध्यायं देवतार्चनम् । वैश्वदेवोऽतिथेयश्च षट्कर्माणि दिने दिने ।** સ્નાન, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, દેવ, પુજા વૈશ્વદેવ અને અતિથિસત્કાર આ છ કર્મનું અનુષ્ઠાન કરવાની પ્રાર્થના સહ અત્રે વિરમીશ. (તાળીઓ)

આ દરખાસ્તને પારેક મણીશંકર તુલસીરામે (જામનગર) અનુમોદન આપતાં જણાવ્યું કે ગીતામાં શ્રી કૃષ્ણ પરમાત્મા કહે છે કે **स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः** પોતાનોજ ધર્મજ શ્રેયસ્કર છે. પરધર્મ ભય ઉપજાવેછે. માટે સ્વધર્મ તરીકે ષટ્કર્મનું પાલન કરવું જોઇએ. વેદવિદ્યા ભણવી એ પ્રથમ ફરજ છે. આજીવિકા મેળવવા સાથે પરોપકાર કરવો એ બીજી ફરજ છે કે દરેકને પ્રાર્થના છેક બાળકને નિત્ય નિયમમાં સાથે રાખવાથી તે સ્વધર્મપરાયણ બને છે. બાળક જેવું દેખે તેવું આચારણ કરે છે. આ વાત દાખલા દલીલોથી સિદ્ધ કરી બતાવી હતી.–જાણ્યુ ત્યાંથી જન્મ, આ કહેવતનું સ્મરણ કરાવી, ગયા વખતનો સોચ નહી કરતાં હવેથી **भूदेव, वेदमूर्ति** આ નામ સાર્થક કરવા ભલામણ કરી પોતાનું આસન લીધું હતું. (તાળીઓ)

પંડિત રેવાશંકર જગજીવને (દૂધરેજ ઝાલાવાડ) વિશેષ અનુમોદન આપતાં જણાવ્યું કે એવો કોણ મૂર્ખ છે કે જે પોતાનો ધર્મ જાણતો ન હોય. આપણે બ્રાહ્મણ છીએ ને બ્રાહ્મણના ષટ્કર્મ આગળ કહેવાઇ ગયાં છે. આ ષટ્કર્મનું પાલન કરવાથીજ ભગવાનને લાત મારી હતી; સગર રાજાના શાઠ હજાર પુત્રોને નાશ પમાડયા હતા. પરન્તુ શોકની વાત છે કે તેજ બાબાના પુત્રો **असीजीवी मसी जीवी देवलो ग्राम याचक । धावकः पावक श्चैवषडेते ब्राह्मणाधमा ।** જેઓ સર્વથી વંદનીય હતા, તે આજ દાનમાનથી ભ્રષ્ટ થઇ **पीर बबर्ची भीस्ती खर,** આ પદવીને પાત્ર થયા છે તેનું કારણ માત્ર સ્વધર્મ ત્યાગવાથીજ છે. તો સ્વધર્મમાં મશગુલ રહી બ્રાહ્મણ જન્મનું સાર્થક કરવું જોઇએ એમ કહી પોતાનું આસન લીધું. આવી રીતે વિશેષ અનુમોદન મળતાં પ્રમુખશ્રીએ નીચે પ્રમાણે સ્વધર્મ પાળવા સંબંધી હરહર મહાદેવના જય ઘોષ સાથે ચોથો ઠરાવ પસાર કર્યો હતો.

ઠરાવ ૪ થો.

આ સમાજ એવું ઠરાવે છે કે દરેક જ્ઞાતિભાઇઓએ પોતાના બાળકોને નિત્યકર્મ **શીખવવું તથા નિત્યકર્મ કરાવવું જોઇએ.**

'જ્ઞાતિવરા' વિષે પાંચમી દરખાસ્ત મૂકતાં રા. વિઠ્ઠલરાય ગોરધનપ્રસાદે જણાવ્યું કે:- જુના અને નવા પક્ષ વચ્ચે સ્વાભાવિક મતભેદ પડવાનું અનુમાન થાય તેવો આ વિષય છે. પ્રબળ રૂઢીના પ્રતાપે જે છાપ બેસી ગઇ છે તે સહજ નાશ પામે તેમ નથી. રૂઢીના બંધને આપણને દઢ બાંધ્યા છે એટલે જ્ઞાતિવરા કરવાનો માર્ગ સ્વાભાવિક જેવો લાગે છે. જ્યારે આ રિવાજ શરૂ થયો ત્યારે હેતુ ગમે તેવો ઉત્તમ હશે તોપણુ હાલના સંયોગો વિચારતાં તેમાં ધર્મનો અંશ પણુ નથી; કારણુ અત્યારે ઉછીના વ્યવહાર જેવું છે. વ્યવહારમાં ગમે તેટલાની પંક્તિ જમાડાય છે પણુ એક અતઃપર આવેલા ક્ષુધાર્તિને વિમુખ કરતાં કોણુ વિચાર કરે છે! હું લેશ પણુ માનતો નથી કે વ્યવહારરૂપે કરેલા સીમંત નિમિત્તે, ઉપવિત નિમિત્તે, લગ્ન નિમિત્તે, ઉત્તરક્રિયા નિમિત્તે જે વરા કરી અનેક પૈસાનું પાણી થાય છે તેમાં ધર્મનો અંશ હોય!! શુભાશુભ ધાર્મિક ક્રિયામાં અપૂર્ણુતા આવે છે કે કેમ તેની કાંઇ પણુ ચિંતા રાખવામાં આવતી નથી. પરંતુ વરામાં કોઇ જાતની અપૂર્ણુતા નજ આવવી જોઇએ એવી જે ખાસ કાળજી રાખવામાં આવે છે તે શું આપણી અધોગતિનું કારણુ નથી!!! આ રિવાજમાં જેની જેટલી શક્તિ હોય, ને જે સંસ્કાર નિમિત્તે જેટલું બ્રહ્મભોજન કરવું શાસ્ત્રસંમત હોય તેટલુ જ કરી ધાર્મિક ક્રિયા કોઇ જાતની ન્યૂનતા વગર કરવી જોઇએ એ શું યોગ્ય નથી? બંધુઓ! આર્થિક સ્થિતિની પાયમાલી ને ધાર્મિક ક્રિયામાં અપૂર્ણુતા આ મહાન્ દોષોથી ભાવિ પ્રજા ઉત્તરોત્તર અવિદ્વાન્ બને છે, સીમંતોન્નયનસંસ્કાર પ્રસગે જે બ્રહ્મભોજન કરવામાં આવે છે તેનું ધર્મ શાસ્ત્રોમાં વિધાન નથી એટલે તે રિવાજ સમસ્ત જ્ઞાતિએ દૂર કરવો, (૨) લગ્નપ્રસંગે જાનમાં કન્યાના બાપનો જાન (જીવ) લેવા વરપક્ષનાં લાગતાવળગતાનું જે ૧૦૦, ૧૫૦ માણુસનું ધાડું આવે છે ને તેમને ત્રણુ દિવસ જમાડવું પડે છે તેમાં જો અમુક માણુસ ફક્ત વરપક્ષનાં નજીકનાં સંબંધીજ આવે તો કન્યાના પિતાને ઘણો ખર્ચ કમી થાય એટલે કન્યાવિક્રય કરવાની જરૂર રહે નહિ. (૩) ત્રીસ વરસ સુધીનો જુવાન મરી જતાં લોકોના કોળીઆ વાળવા પતરાળી પાથરીએ છીએ તે તદન અયોગ્ય છે. આ રિવાજો પ્રથમ આપણે દૂર કરીએ તો ઘણુા સંગીન લાભ થવાની આશા રહે છે આપણે વિચાર કરીએ તો એક વરામાં સરેરાશ રૂા. ૫૦) નું ખર્ચ ધારીએ ને આખી ન્યાતમાં તેવા ૫૦ વરા આવે તો રૂ. ૨૫૦૦) પચીસો એ માર્ગે વ્યય થાય છે અને તેમાંથી આપણુને ભવિષ્યે એક પાઇ પણુ પાછી વળવાની નથી. પણુ જો એક વિદ્યાર્થીને રૂ ૫૦) વાર્ષિક મદદ આપી વિદ્યાભ્યાસ કરાવીએ તો દર સાલ જ્ઞાતિના ૫૦ વિદ્યાર્થી ઉત્તમ શિક્ષણુ મેળવે ને તેથી જ્ઞાતિને જે લાભ થાય તેનો હિસાબ ગણુાવવા મ્હારામાં શક્તિ નથી પણુ આપ સર્વે સુજ્ઞ છો એટલે સ્વયં વિચાર કરી શકશો. હમણાં આ માંહેનું કાંઇ ન બની શકે તો સીમંતની ન્યાત બંધ કરવી, જાનના માણુસોની હદ બાંધવી, ને ત્રીસ પાંત્રીસ વરસના જુવાન પાછળ વરો નહિ કરવો એટલુંજ બંધ કરશો તો હું મારી વિનંતિ સાર્થક સમજીશ. તેમજ ધર્મક્રિયામાં કોઇ પણુ જાતની ન્યૂનતા રાખ્યા શિવાય શક્તિ અનુસાર

શાસ્ત્રમાં બતાવ્યા મુજબ સ્નાતક બ્રાહ્મણોને જમાડવા ઉપદેશ કરવાની પ્રાર્થના સાથે હું મ્હારૂં વ્યાખ્યાન અહિંજ સમાપ્ત કરીશ. (તાળીઓ)

આ દરખાસ્તને અનુમોદન આપતાં ત્રિભુવન કૃષ્ણારામ દ્વિવેદીએ જણાવ્યું કેઃ—આપણી આર્થિક સ્થિતિ તદન પાયમાલ થઇ ગઇ છે ત્હેનું કારણ જ્ઞાતિ વરાજ છે. વિશેષ કરી આપણા થામણા-પણસોરામાં તો સ્પર્ધાથી વરા કરવાનો ચાલ છે, આ ચાલ જુઓ કે તદન અયોગ્ય છે તોપણ જ્યાંસુધી હજુ થોડીક જમીન ને એકાદ પડી રહેવાનું ઘર હશે ત્યાં સુધી આ ચાલ બંધ થાય એમ હું માની શકતો નથી ! બન્ધુઓ ! ઘણા શોકની વાત છે કે જ્ઞાતિસુધારણામાં આગેવાની ભર્યો ભાગ લેનાર મ્હારા એક મિત્રે પોતાને ત્યાં ઢોલ વગડાવી નિયમ તોડવા જેવો વર્તાવ કર્યો છે, તો પછી બીજો સાધારણ પક્ષ આ રિવાજ બંધ કરશે કે કેમ ! એ વિચારવા જેવી વાત છે. હું આપ બન્ધુઓને અંતિમ પ્રાર્થના કરીશ કે જો ત્હમે ત્હમારા બાલકોનું ભલુ ચ્હાતા હો તો જેમ બને તેમ સત્વર આ રિવાજ બંધ કરશો.

કવિ આશારામ જયભાઇએ વિશેષાનુમોદન આપતાં એક અસરકારક કવિતા ગાઇ બતાવી હતી ને ગમાર બાવનીમાંની ' વાદે નાણું વાવરે એ પણ એક ગમાર ' એ ઉક્તિને સમજાવી વાદથી પૈસો વાપરનારને કવિઓ મૂર્ખનું ઉપનામ આપે છે એ સિદ્ધ કરી બતાવ્યું હતું. માટે આ અયોગ્ય ચાલ બંધ કરવા અગર તો તેમાં થતાં અયોગ્ય ખર્ચો બંધ કરવાની ભલામણ કરી પોતાનું આસન લીધું હતું.

આવી રીતે વિશેષાનુમોદન મળતાં પ્રમુખશ્રીએ નીચે પ્રમાણે જ્ઞાતિવરા બંધ કરવાનો પ્રયત્ન કરવા વિષે પાંચમો ઠરાવ હરહર મહાદેવના જયઘોષ સાથે પસાર કર્યો હતો.

ઠરાવ ૫ મો.

આ બ્રહ્મસમાજ જ્ઞાતિવરા પ્રત્યે અને મુખ્યેત્વે કરી કારજવરા પ્રત્યે અનાદરની દ્રષ્ટિથી જુવે છે, અને પરિણામે તે આર્થિકદ્રષ્ટિથી ઘણાજ હાનિકારક છે તેથી તે બંધ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

'કન્યાવિક્રય' વિષે છઠ્ઠી દરખાસ્ત મુકતાં છોટાલાલ કૃષ્ણારામ દ્વિવેદી (થામણા) એ જણાવ્યું કેઃ—પૈસા આપી કોઇ વસ્તુ લેવી તે ક્રય ને પૈસા લઇ કોઇ વસ્તુ આપવી તે વિક્રય કહેવાય છે. એટલે પૈસા લઇને દિકરી આપવી એવો કન્યાવિક્રયનો અર્થ થાય છે. પૈસા સાટે દિકરી આપવાથી દિકરીના સુખ તરફ લક્ષ રહેતું નથી. જે વધારે પૈસા આપે તે ગમે તેવો કુછંદી કેમ ન હોય ! તોપણ તે દિકરીનો માલીક થાય છે આથી લાલપાલમાં ઉછરેલી નિર્દોષ બાલાને અનેક વિપત્તિઓ સહન કરવી પડે છે અને પોતાનાં માબાપને એવો કડવો આશિર્વાદ આપે છે કે તેથી તેમનું કદી ભલું થતું નથી. બન્ધુઓ ! કન્યાવિક્રય થવાનાં અનેક કારણો હશે પણ આ સ્થળે મ્હારી સમજ પ્રમાણે હું થોડાંક જણાવીશ. ૧ ધનની લાલચે, ૨ કરજ છૂટવા, ૩ સારા વરા કરવા, ૪ દિકરી પરણાવતાં થએલ ખર્ચ વસુલ કરવા, ૫ કુલ પરંપરાના રિવાજથી, ૬ દિકરીના પૈસા લઇ દિકરા માટે વહુ લાવવા, કન્યાવિક્રય કરવામાં આવે છે. પરન્તુ આ સર્વે બાબતોનો પ્રથક પ્રથક વિચાર કરીએ તો સહજમાં આ સૌ કુંવારા-પાપ દૂર કરી શકાય તેમ છે. હમણાં સાટાનો પ્રથા

ઘણો વધી પડયો છે, એ પણ એક જાતનો વિક્રય છે. 'દિકરી અને ગાય જ્યાં દોરે ત્યાં જાય' એમ આપણામાં જે કહેવત છે તે પ્રમાણે બિચારી નિર્દોષ કન્યાઓ હજુ સુધી આ સૌ અનાચાર સહન કરી રહી છે. માટે તેમને સુખી કરવા બીજી જ્ઞાતિઓમાં જેટલું ધ્યાન અપાય છે તેટલું ધ્યાન આપવાની ભલામણ સાથે કવિવર્ય દલપતરામની એક કવિતા કહી વિરમીશ.

કન્યાવિક્રય જે કરે ધન લઇ, ધિક્કાર ત્હેને ધરો,
કીર્તિના કદિ લોભથી કુલ જુએ તે પાપી પૂરો ખરો;
કીર્તિદ્રવ્ય તણો કશો જગતમાં, જે સ્વાર્થ સાધે નહિ,
કન્યાના સુખનો વિચાર કરશે તે પુણ્યશાળી સહી. (તાળીઓ.)

સદરહુ દરખાસ્તને અનુમોદન આપતાં **મણીશંકર તુલસીરામે** જણાવ્યું કેઃ—હું દિલગીર છું કે આજે કન્યાવિક્રય સંબંધી મ્હારે આપને કંઇ કહેવું પડે છે! આપણા ધર્મશાસ્ત્રોમાં કન્યાવિક્રયનું પાપ ગણ્યું છે તે તમો સમજો છો પણ આ રિવાજ શી રીતે દાખલ થયો તે તરફ પ્રથમ આપનું લક્ષ ખેંચુ છું.

પ્રથમ કન્યાનાં માબાપ કન્યા પર જો કોઇ દૈવી આપત્તિ આવે તો ત્હેને નિર્વાહ માટે વર પાસેથી અમુક ધન લઇ રાખતાં. જો કન્યાને આપત્તિ આવે તો આ ધનનો તે ઉપયોગ કરતી, નહિ તો આ ધન તે દંપતિના નિર્વાહમાં વપરાતું; કન્યાનાં માબાપ કાંઇ ખાઇ જતાં નહોતાં. ક્રમભાગ્યે હાલ આ રિવાજ બદલાઇ ગયો છે. કન્યાનાં માબાપને જે વધારે પૈસા આપે ત્હેના ગુણ દોષની પરીક્ષા કર્યા સિવાય ગાય જેવી નિર્દોશ કન્યા દોરી અપાય છે. બન્ધુઓ! ત્હમારાં પશુ વેચતાં પણ ત્હમો ત્હેના સુખનો વિચાર કરોછો ત્યારે આ તમારા લોહીથી ઉત્પન્ન થએલી બાળાના સુખનો કેમ વિચાર કરતા નથી? આજુબાજુના પાડોશી પણ જો પશુ દુઃખમાં જતું હોય તો તમોને વેચતાં અટકાવે છે ત્યારે આ કન્યાઓના સંબંધમાં કેમ તમોને કોઇ રોકતું નથી!! હરહર આથી આપણને એ દિવસનું મિષ્ટાન્ન મલશે, આવું સમજનાર ત્હમારા પાડોશીઓ–સંબંધીઓ–જ્ઞાતિજ્ઞાઓને કહેવા મ્હારી પાસે શબ્દ નથી!!! પણ ધર્મશાસ્ત્રો કહે છે કે **हृदयं भक्षितं माता पितरः शिर एवच । बान्धवाः पाणी पादौच रुधिरं त्वितरेजनाः ॥**" કન્યાવિક્રય કરનાર માતા કન્યાનું હૃદય ખાય છે, બાપ માથું ખાય છે, ભાઇ હાથ પગ ખાય છે, ને ઇતર જનો–જ્ઞાતિજ્ઞાઓ કન્યાનું લોહી પીએ છે. માટે આપ સર્વે સુહૃદોને અંતિમ એજ પ્રાર્થના છે કે ગમે તે આપત્તિ–અપમાન સહન કરી કન્યાવિક્રય બંધ કરવા સતત પુરૂષાર્થ કરશો તોજ તમારી ઉન્નતિ છે.

વિશેષાનુમોદન આપતાં પંડિત **રેવાશંકરે** જણાવ્યું કેઃ—જ્યારે હલકા વર્ણોમાં આ રિવાજ નથી ત્યારે બ્રાહ્મણ વાણીઆ જેવી ઉત્તમ કોમમાં આ પ્રથા ક્યાંથી પ્રચલિત થયો હશે! આપણાં ધર્મશાસ્ત્રોમાં 'કન્યાદાન' નું ઉત્તમ પુણ્ય ગણ્યું છે એટલે કન્યાદાનના સંકલ્પમાં "**एकोत्तर शतकुलोद्धारेण**" એવો જે પ્રયોગ છે તેથી સિદ્ધ થાય છે કે કન્યાદાનથી વધારે બીજું કોઈ પુણ્ય નથી. મહાત્મા વસિષ્ઠજીને સગર રાજાએ પ્રશ્ન કર્યો કે હું કયા પુણ્યથી રાજા થયો છું? વસિષ્ઠજીએ ઉત્તર આપ્યો કે પૂર્વે તું શિયાળ હતો અને કન્યાદાનના પુણ્યથી આ જન્મે રાજા થયો છું. આથી સગર રાજાએ બીજી સાઠ હજાર

કન્યાનું દાન કરવા નિશ્ચય કરી તેટલી કન્યા મેળવવા તપ કરવા માંડયું. ઇન્દ્રે વિચાર કર્યો કે સગર રાજા સાઠ હજાર કન્યાદાનના પુણ્યથી નિશ્ચય મ્હારૂં ઇન્દ્રાસન લેશે. એટલે પુત્રીને બદલે પુત્રનું વરદાન માગે તેવી ગોઠવણ કરી તેથી સગર રાજાએ પુત્રની માગણી કરી. આ પુરાણપ્રસિદ્ધ વાતથી તમો ભાગ્યેજ અજાણ્યા હશો; પરન્તુ હમણાં તમોએ સ્વાર્થ આગળ શાસ્ત્રને વિસારી દીધું છે અને કન્યાદાનને બદલે કન્યાવિક્રયપર આવી રહ્યા છો, એ બહુ દિલગીર થવા જેવું છે. એક ચાંડાળ માણસની ખોપરીમાં શ્વાનનું માંસ રાંધવા સારૂં જુના ઉપાનમાં જલ ભરી જમીન છાંટતો હતો, તેને કોઇ વિદ્વાને પૂછ્યું કે આથી વધારે અપવિત્ર બીજું શું હશે કે તું જલથી પવિત્ર કરે છે ? ચંડાળે ઉત્તર આપ્યો કે આથી વધુ અપવિત્ર કન્યાવિક્રય કરનાર નરાધમનો અહિં પગ પડયો હોય તો તેની શુદ્ધિ માટે આ જમીનને જલથી પ્રોક્ષણ કરૂં છું. (તાળીઓ.)

બંધુઓ ! ઘણા શોકની વાત છે કે ચાંડાળ કરતાં પણ નીચ કર્મ ઉત્તમ ગણાતી બ્રાહ્મણ કોમમાં પ્રચલિત છે તે જોઇ આ પાષાણ હૃદય કેમ ફાટી જતું નથી ! અમારા કાઠીઆવાડ પ્રાન્તમાં કન્યાનો જન્મ થતાં તેના બાપને રૂપિયાની થેલી પ્રાપ્ત થયા જેટલો આનંદ થાય છે પણ તમો સુપાત્ર છો ને તમારૂં અમારૂં એક લોહી છે માટે અમો આ સ્થળે તમોને વિનવિએ છીએ કે 'જો તમો તમારા બાલકોનું હિત ચહાતા હો તો કન્યાવિક્રય બંધ કરશો, એટલે તમારાં જે સત્કર્મ હમણાં ફળ આપતાં નથી તે ફલ આપશે અને તેથી તમારી ઉન્નતિ થશે. અંતમાં ગુલાબના છોડને જલ સિંચવા જેવો અમારો આ પ્રયાસ છે તે કદી મિથ્યા નહિજ જાય એમ કહી પોતાનું આસન લીધું હતું. એટલે તેમના સદ્ઉપદેશથી નીચે પ્રમાણે ગૃહસ્થોએ કન્યાવિક્રય નહિ કરવા તથા કન્યાવિક્રય થતો હોય ત્યાં નહિ જમવા પ્રતિજ્ઞા લીધી હતી.

ત્રિભુવન કૃષ્ણારામ દ્વિવેદી (થામણા) (કન્યાવિક્રય અટકાવવા રૂ. ૫૦ સુધી ખર્ચ આપીશ)
જગજીવન આત્મારામ ભટ્ટ મહોલ્લેલ. પ્રભાશંકર ભગવાન મહેતા પણસોરા.
જીભાઇ ધાજીરામ પંડયા થામણા. જેઠાલાલ સોમેશ્વર પંડયા ચકલાશી.
કુબેર લક્ષ્મીરામ જોશી આખડોલ. ચુનીલાલ ઇચ્છાશંકર વ્યાસ થામણા.
કાલીદાસ ગોર ચકલાશી. કવિ આશારામ જયભાઇ પણસોરા.
(કન્યાવિક્રય અટકાવવા દર સાલ રૂ. ૨) મદદ કરીશ)

આ રીતે પ્રતિજ્ઞાઓ લીધા બાદ નીચે પ્રમાણે પ્રમુખશ્રીએ કન્યાવિક્રય બંધ કરવા સંબંધી ઠરાવ હર હર મહાદેવના જયઘોષ સાથે પસાર કર્યો હતો.

ઠરાવ ૬ ઠ્ઠો.

આ સમાજ કન્યાવિક્રય તરફ અતિ તિરસ્કાર પ્રદર્શિત કરે છે અને તે દુષ્ટ રિવાજને જેમ બને તેમ જલદીથી નાબુદ કરવા દરેક જ્ઞાતિભાઇઓને ભલામણ કરે છે, તથા જે જ્ઞાતિ ભાઇઓએ પ્રતિજ્ઞા કરી છે ત્હેમના તરફ સંતોષ જાહેર કરે છે.

'વિદ્યાવૃદ્ધિ ફંડ' વિષે સાતમી દરખાસ્ત મૂકતાં કવિ આશારામ જયભાઇએ જણાવ્યું કેઃ—વિદ્યાનો પ્રચાર કરવા માટે જે દ્રવ્ય એકઠું કરવું ત્હેને વિદ્યાવૃદ્ધિ ફંડ કહે છે. પ્રથમ

વડતાલ મુકામે આ ફંડની શરૂઆત થઇ છે. યદ્યપિ આ વર્ષમાં આપણે આ સંબંધી ઘણી જુજ રકમ એકઠી કરી છે તોપણ સ્થિતિ અને સંયોગો વિચારતાં જે થયું છે તે ઘણું સારૂં થયું છે એમ કહ્યા સિવાય ચાલતું નથી! આપણી આર્થિક સ્થિતિ ઘણી તંગ છે અને અધુરામાં પુરૂ જ્ઞાતિવરામાં દ્રવ્યનો વ્યય થાય છે એટલે આવા પરોપકારના કામમાં ઓછું લક્ષ અપાય એ દેખીતુંજ છે. તોપણ મ્હારે આપને જણાવવું જોઇએ કે આ સંસારનો દરેક વ્યવહાર વિદ્યાથી સિદ્ધ થાય છે ને વિદ્યા વિનાનો માણુસ પશુ જેવો ગણાય છે, આવી જે સમજ હમણાં ઉદ્ભવી છે તેથી નિશ્ચય થાય છે કે આપણે વિદ્યા વૃદ્ધિ ફંડની રકમ ઘણી મોટી કરી શકીશું એટલુંજ નહિ પણ તે રકમમાંથી જ્ઞાતિનાં નિરાધાર બાળકોને મદદ કરી વિદ્યાદાન આપી શકીશું. બ્રાહ્મણોનું ધન વિદ્યા છે અને આપણા પૂર્વજોએ વિદ્યાની આવશ્યક્તા જણાવી છે પણ તે હાલ દ્રવ્ય સિવાય આપણને મળી શકે તેમ નથી, માટે 'પંચની લકડી એકનો બોજ' એ ન્યાયે જો દરેક જ્ઞાતિબન્ધુ વાર્ષિક એક એક રૂપિઆની મદદ આ ફંડમાં કરશે તો બાર માસે રૂ. ૫૦૦) ની રકમ વિના જોખમે એકઠી થશે; તેથી નિરાધાર ૧૦ દશ જ્ઞાતિ બાલકોને વરસ દહાડે દરેકને રૂ. ૫૦) ની મદદ આપી વ્યવહારિક-ધાર્મિક ઉંચા દરજ્જાનું શિક્ષણ આપી શકાશે અને તેથી લગભગ ૧૦ વરસે આ હતભાગ્ય જ્ઞાતિમાં હાલ એક પણ નથી તેવા ૧૦ ગ્રેજ્યુએટો અથવા સારા વેદ પાઠી બ્રાહ્મણો ઉત્પન્ન થશે. અને ત્યારેજ આ જ્ઞાતિની ઉન્નતિ થશે. માટે બન્ધુઓ ! તમારા વાર્ષિક રૂ. ૧૫૦-૨૦૦ ના ખર્ચમાં રૂ. ૧) વધારે પડશે નહિ અને સહેજમાં રૂ. ૫૦૦) જેવડી મ્હોટી રકમ દર વરસે જ્ઞાતિ પાસે એકઠી થશે. એટલે આપ સર્વે વાર્ષિક એક એક રૂા. ની વિદ્યાવૃદ્ધિ ફંડમાં મદદ કરશો, એવી પ્રાર્થના સાથે હું અત્રેજ સમાપ્ત કરીશ.

આ દરખાસ્તને અનુમોદન આપતાં શ્રીયુત મણીલાલ શામળભાઇ દ્વિવેદી (નાંદોલએ) જણાવ્યું કે—'**ब्रह्म जानाति ब्राह्मणः**' જે બ્રહ્મને જાણે છે તેજ બ્રાહ્મણ ગણાય છે. જ્ઞાન સિવાય બ્રહ્મને જાણી શકાય નહિ તથા વિદ્યા સિવાય જ્ઞાન નહિ; એટલે દરેક બાબતમાં પ્રથમ પદ વિદ્યાનું છે. આપણા શ્રી પ્રમુખ સાહેબને માન આપી જે ઉચ્ચ પદે યોજ્યા છે તે સૌ વિદ્યાનોજ પ્રતાપ છે. તમો વિદ્યાની મહત્તા સમજો છો તેજ ઘણું ખૂશી થવા જેવું છે-એથી તમો નિશ્ચય તમારી જ્ઞાતિમાં થોડાક સમયે સારા રત્ન વિદ્વાન જોઇ શકશો. જ્યાંસુધી માણુસ વિદ્યા પ્રાપ્ત કરતો નથી ત્યાંસુધી તે પશુ ગણાય છે. આપણા પૂર્વજો વિદ્વાન હતા માટે મૂળરાજે તેડાવ્યા. હમણાં આપણે અવિદ્યાથી પશુ પદ પ્રાપ્ત કર્યું એ દિલગિર થવા જેવું છે; પણ જો આપણે હવે સરસ્વતિની ઉપાસના કરીશું તોજ પશુના માણુસ-બ્રાહ્મણ બની શકીશું. વિદ્યા સિવાય આપણે ગુરૂપણું ગુમાવ્યું છે અને બ્રાહ્મણના 'ભરામણ' બન્યા છીએ. આ સ્થિતિમાંથી મુક્ત થવા વિદ્યાની ખાસ આવશ્યક્તા છે. માબાપનો ધર્મ છે કે પોતાની આશાનાં ચિહ્ન રૂપ બાલકોને સદ્વિદ્યાનું દાન કરીને પિતા તરીકેની પવિત્ર ફરજ અદા કરવી જોઇએ. હાલ વિદ્યા મોંઘી છે. પ્રથમ આપણા પૂર્વજો એક સમિધની જુડીમાં વિદ્યા આપતા હતા પણ હમણાં દ્રવ્ય સિવાય વિદ્યા મળી શકે તેમ નથી. તમો ખર્ચ-જ્ઞાતિવરા કમી કરશો તો ઘણું દ્રવ્ય એકઠું કરી શકશો. પગપર કુહાડો માર્યા સિવાય કદિ ભલું થવાનું નથી. જ્યાંસુધી તમો 'હું જ્ઞાતિવરા નહિ કરતાં મ્હારા બાળકોને શું વિદ્યાદાન આપીશ' (તાળીઓ) એવો સંકલ્પ નહિ કરો ત્યાં

સુધી કદિ બાળકોને વિદ્વાન બનાવી શકશે નહિ. અંતમાં જ્ઞાતિના આગેવાન પટેલોને પોતાનો દોર મુકી દઇ જ્ઞાતિના બાળકોને વિદ્વાન બનાવવાની ભલામણ કરીશ ને તમો સર્વે પોતાનાં બાળકોને માટે એક સારૂં ફંડ એકઠું કરશો, એવી પ્રાર્થના સાથે બેશી જવાની રજા લઇશ. (તાળીઓ)

ભટ. અંબાલાલ છોટાલાલે (પણસોરા) જણાવ્યું કેઃ—ભાઇ જગન્નાથ આપણા માટે ઘણો ઉત્તમ માર્ગ કરી ગયો છે, ત્હેના બદલામાં મ્હારે જે કંઈ કહેવું તે 'ન્હાને મ્હોઢે મોટી વાત ઠીક થાયજ નહિ' એવું છે તથાપિ આપણી આર્થિક સ્થિતિ વધારે ઉત્તમ નહિ હોવાથી આર્ય સમાજમાંના મુષ્ટિફંડની યોજના કરવાની પ્રાથના આપ સર્વેને કરીશ ને તમો બીજી કોઇપણ બાબત કરતાં બન્ધુ જગન્નાથના ઉદ્દેશ મુજબ વિદ્યાની વૃદ્ધિ કરવામાં વધારે લક્ષ રાખશો તોજ અમો બાળકોનું ભલુ છે, એમ કહી પોતાનું સ્થાન લીધું હતું. તે પછી ભટ. ચુનીલાલ આદિતરામે (પણસોરા) પણ ઉપરનાજ શબ્દોમાં બંધુ જગન્નાથ માટે શોક દર્શાવી વિદ્યાફંડ ઘણું મ્હોટું કરવાની આવશ્યકતા જણાવી હતી એટલે પ્રમુખશ્રીએ નીચે પ્રમાણે વિદ્યાનો વધારો કરવા સંબધી સાતમો ઠરાવ હરહર મહાદેવના જયઘોષ સાથે પસાર કર્યો હતો.

ઠરાવ ૭ મો.

આપણો સમૂહ વિદ્યા–કેળવણીની બાબતમાં પછાત છે માટે કેળવણીનો પ્રચાર કરવા તથા ત્હેને હરેક પ્રકારે ઉત્તેજન આપવા તેમજ વિદ્યાફંડને સહાય આપવા દરેક જ્ઞાતિ ભાઇને આ સમાજ ભલામણ કરે છે.

સાતમો ઠરાવ પસાર થયો એટલે સન્ધ્યાનો વખત થયો અને રસોઇ પણ તૈયાર થઇ ગઈ હતી એટલે હરહર મહાદેવના ત્રણ ધ્વનિ સાથે બ્રહ્મમંડળ વેરાયું. જમ્યા પછી દશ વાગે પુનઃ વિષયવિચારક મંડલે આગામી દિવસ માટે પ્રોગ્રામ તૈયાર કર્યું એટલે લગભગ રાત્રીના ૧૧ વાગે આ સમાજની બીજા દિવસના કાર્યવાહી પૂર્ણ થઇ હતી.

ત્રીજો દિવસ.

તા. ૫—૧૧—૧૧.

આજે પણ સર્વે ભૂદેવો પોતાનું નિત્યકર્મ પરવારી ઉન્નતિ સંબંધી વિવિધ વાર્તાવિનોદ કરતા સવારના નવ વાગતાં કર્ત્તવ્યભૂવનમાં આવી પહોચ્યા હતા. પ્રમુખશ્રી પધારતાં હર હર મહાદેવના જયઘોષપૂર્વક તેઓશ્રીને સન્માની લીધા અને તેઓશ્રીએ પોતાનું પ્રમુખપદ લીધું અને પૂર્વ રાત્રિએ નિર્ણય કરેલા કાર્યક્રમ પ્રમાણે સમાજનું કાર્ય આરંભવાની સૂચના કરી. પરન્તુ પંચ તરફથી એવી માગણી થઇ કે "આજે આ સમાજનો છેલ્લો દિવસ છે અને અમો પંચ જ્ઞાતિની પરિસ્થિતિ સમજી સમૂહબંધન દ્દઢ કરવા માટે થોડોક વખત માગી લઇએ છીએ." તેનો સ્વીકાર કરીને પ્રમુખશ્રીએ પંડ્યા સોમેશ્વર દુલુરામ, ભટ્ટ જયદેવ પિતાંબર, વ્યાસ આદિતરામ જગેશ્વર, ભટ્ટ મણીલાલ દુલસુખરામ, વ્યાસ મોતીરામ

છગનલાલ તથા દ્વિવેદિ ત્રિભોવન કૃષ્ણારાંમને સમૂહબંધન દૃઢ કરવાની સત્તા આપી. તેઓ સર્વે અંદર અંદર ઉહાપોહ કરીને તેમજ આવેલા ભાઇઓના વિચારો જાણીને એવા નિર્ણય ઉપર આવ્યા કે ગામવાર આગેવાન માણસોની પાસે સમૂહબંધન જાળવવા માટે શ્રીવેદપીઠ આગળ શ્રી ગીતાજી તથા સપ્તશતી ઉપર હાથ મુકીને સોગન ખવરાવવા. તે ઉપરથી નીચે જણાવેલા ગૃહસ્થોએ એવી રીતના સોગન ઉપર પ્રમાણે લીધા કે "અમો સમૂહ બહાર કન્યા આપીશું નહિ, જે કોઇ સમૂહ બહાર કન્યા આપશે તેનો પક્ષ કરીશું નહિ, સમૂહના કોઇપણ ગૃહસ્થને કન્યા બહાર કાઢવા સલાહ આપીશું નહિ અને બહાર આપનારનો સંગ કરીશું નહિ."

ઉપર પ્રમાણે સોગન લેનાર ગૃહસ્થોનાં નામ.

રા. ગોરધન કેવળરાંમ જોશી થામણા.
રા. ત્રિભોવન કૃષ્ણારાંમ દ્વિવેદી. ,,
રા. દામોદર ભોળાનાથ ,, ,,
રા. મુળજી હીરાલાલ ,, ,,
રા. જેશંકર જગજીવન ,, ,,
રા. મણીલાલ દલસુખરાંમ ,, ,,
રા. જયદેવ પિતાંબર ,, ,,
રા. જીભાઇ દાજી પંડયા ,,
રા. મુળજી આત્મારાંમ વ્યાસ ,,
રા. વિઠ્ઠલરામ ગોવર્દ્ધનપ્રસાદ વ્યાસ
રા. સોમેશ્વર દલુભાઇ પંડયા પણસોરા.
રા. પરસોતમ ભગવાન મહેતા ,,
રા. મગનલાલ જીવણરાંમ રણા અકલાચા.
રા. ડાહ્યાભાઇ જીભાઇ વ્યાસ ,,
રા. દલસુખ હરજીવન રાવળ શીહુંજ
રા. ભાઇજી કાળીદાસ જોશી શીહુંજ
રા. નાથજી સુખદેવ વ્યાસ કઠલાલ
રા. ભાઇલાલ કેવળ મહેતા ,,
રા. ભાઇશંકર હરીભાઇ શુકલ ,,
રા. પુંજા રણછોડ ગોર ,,
રા. ગીરધર સેવકરાંમ ,, ,,
રા. પરસોતમ ઘેલાભાઇ ગોર ,
રા. લલ્લુ હવજી પંડયા ,,
રા. ડાહ્યાભાઇ કાળીદાસ ગોર ભાનેર
રા. લલ્લુ બાપુજી ગોર ,,
રા. ચુનીલાલ અંબાશંકર મહેતા ભાનેર
રા. શંકર ઇશ્વર પુરોહિત સલુણા
રા. ગણપતરામ પ્રભુરાંમ પંડયા બેડવા

રા. છોટાલાલ આદિતરાંમ વ્યાસ પણસોરા.
રા. મોતીલાલ છગનલાલ ,, ,,
રા. દેવશંકર કાશીરામ ,, ,,
રા. આદિતરાંમ જન્નેશ્વર. ,,
રા. બાપુજી વેણીરાંમ પંડયા ,,
રા. વલ્લવ રામશંકર ,, ,,
રા. ફુલાભાઇ નાથજી મહેતા. ,,
રા. છના આશારાંમ ,, ,,
રા. મુળજી આશારાંમ વ્યાસ ,,
રા. આશારાંમ જેભાઇ ભટ્ટ ,,
રા. લલ્લુભાઇ કેવળરાંમ વ્યાસ ,,
રા. ગણપત જીવરાંમ ,,
રા. સાંકળેશ્વર નરસીરાંમ રણા અકલાચા.
રા. ડાહ્યાભાઇ બેચલરાંમ શુકલ સરસવણી
રા. મોહનલાલ ડાહ્યાભાઇ શુકલ સરસવણી
રા. ગણપતરાંમ ત્રીકમ ,, ,,
રા. રણછોડ હરજીવન ભટ્ટ અજરપુરા
રા. પરસોતમ જેઠારાંમ ભટ્ટ ,,
રા. નાથજી હરીશંકર ગોર ચકલાશી.
રા. લલ્લુભાઇ મયારાંમ જોશી ,,
રા જેઠાલાલ સોમેશ્વર ,, ,,
રા કુબેર લક્ષ્મીરાંમ જોશી આખડોલ
રા. ગણપતરામ સેવકરાંમ રાઠલોલ
રા. ધનેશ્વર ગોપાળજી ભટ્ટ મોહોલેલ
રા. જગજીવન પ્રભુરાંમ ભટ્ટ ,,
રા ડાહ્યાભાઇ ગરબડભાઇ ,,
રા. છગનલાલ દેવશંકર ગોર પામોલ
રા. ઉમિયાશંકર દલસુખ પંડયા બેડવા

રા. હિમતલાલ બેચર પંડયા „ રા. હરગોવન કેશવરાંમ „ „
રા. ઇશ્વરલાલ ભાઇજી „ „ રા. મગનલાલ મોતીભાઇ જોશી ફેદરા

ઉપર પ્રમાણે પ્રતિજ્ઞાઓ લેવરાવતાં સર્વેનાં અન્તઃકરણ શુદ્ધ થયાં હતાં અને તેથી પંચકમિટિએ ગયે વર્ષે વધારાના જે નિયમો પસાર કર્યા હતા તેમાંના નીચે મુજબના નિયમો ફરીથી સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

૧. જે ગામમાં અન્ય સંપ્રદાયની કન્યા આવતી હોય તે ગામના આગેવાનોએ અને મુખ્યત્વે કરીને નીચે જણાવેલા તે તે ગામના મેમ્બરે તે કન્યા બાબતની પુરી ખાત્રી કરવી. તેમ કરવામાં અનિયમિતપણું જણાશે તો તે ગામ માટે આખી જ્ઞાતિ વિચાર કરશે તે તેમણે માન્ય કરવો પડશે.

૨. સીમંતના પ્રસંગ ઉપર સીમન્તિના હાથમાં પાન તથા ચોખા આપી તેનો ભાઇ તેના હાથની પોષ ઝલાવી ગામમાં ફેરવે છે તે નવિન જમાનાની સુધરેલી પ્રજાને અયોગ્ય લાગે છે તેટલુંજ નહિં પણ આવી રૂઢિ સશાસ્ત્ર નથી તેથી તે રિવાજ બંધ કરવો અને ફરવું હોય તો એકલી સીમંતી બાઇનેજ ફેરવવી.

૩. પતિ પત્નીના જીવનના સંલગ્નતાના માંગલિક તથા ધાર્મિક પ્રસંગે પવિત્ર યજ્ઞવેદી આગળ અને વેદમંત્રોના પુણ્યમય ઉચ્ચાર વખતે સ્ત્રીઓ ફટાણાં ગાય છે તે ઘણુંજ અઘટિત, અગ્રાહ્યણીય અને શિષ્ટાચાર બાધિત હોવાથી તે નિંદ્ય છે અને તેથી તેવાં અયોગ્ય ફટાણાં કોઇએ પણ ગાવા દેવાં ન જોઇએ.

૪. લગ્નપ્રસંગના માંગલિક તથા આનંદી ઉત્સાહ અર્થે આવેલી જાનને બે દિવસ રાખી ત્રીજે દિવસે વિદાય કરવી. પરન્તુ કન્યાનો બાપ સધન હોય અને તેની ખાસ ઇચ્છા હોય તો તેણે ત્રણ દિવસ રોકવી.

૫. લગ્નપ્રસંગે વર તથા કન્યાના માતાપિતા પાસેથી રૂ. ૧) એક એક તથા ઉપવિતના પ્રસંગે બટુકના માતાપિતા પાસેથી ૦—૮—૦ વિદ્યોત્તેજક ફંડમાં લેવાનો ઠરાવ કર્યો છે.

૬. સમૂહબંધન દૃઢ જાળવવાની ખાતર નીચે પ્રમાણે ખાતા પાડી લેવાનો રિવાજ ચાલુ રાખવો.

(अ) પંચ રૂબરૂમાં જે ગૃહસ્થોએ પોતાની કન્યાના વિવાહ કર્યા હોય તે વિવાહ તોડી ન શકે તે માટે રૂ. ૫૦૧) નું ખાતું.

(ब) જે ગૃહસ્થને ત્યાં કન્યા હોય તેનો વિવાહ સમૂહમાંજ કરવાના બંધન ખાતર રૂ. ૩૦૧) નું ખાતું.

(क) આ બેતાળીશી સંપ્રદાયનો કોઇપણ ઔદિચ્ય ગૃહસ્થ આ નક્કી કરેલા ઠરાવોનું ઉલ્લંઘન કરી સ્વેચ્છાનુસાર વર્તે તો તેનો સંગ કોઇપણ રીત્યે નહિં કરવા બદલ રૂ. ૧૦૧) નું ખાતું.

આ ખાતામાં કોઇપણ બાબત ન જણાવતાં જ્ઞાતિએ નિર્ણય કરેલા બે ગૃહસ્થનું રોકડ લ્હેણું હોય તે રીત્યે ખાતા પડાવવાનો વહિવટ છે તે કાયમ રાખવો ઠરાવ્યો છે.

આ વર્ષને માટે પંચ કમિટિના મેંબરો નીચે પ્રમાણે ઠરાવ્યા છે.

રા. રા. સોમેશ્વર દલુરામ પંડયા **પણસોરા.** પ્રમુખ.
રા. રા. જયદેવરાંમ પિતાંબર દ્વિવેદી **થામણા.** ઉપપ્રમુખ.

મેમ્બરો.

થામણા.

૧ રા. મણિલાલ દલસુખરામ દ્વિવેદી.
૨ રા. નાથજી મયારામ વ્યાસ.
૩ રા. દામોદર ભોળાનાથ દ્વિવેદી.
૪ રા. ગોરધન કેવળરામ જોશી.
૫ રા. ચુનિલાલ ઇચ્છાશંકર વ્યાસ.

પણસોરા.

૧ રા. આશારામ જેભાઇ કવિ.
૨ રા. મોતીલાલ છગનલાલ વ્યાસ.
૩ રા. ફુલાભાઇ નાથજી મહેતા.
૪ રા. શનાભાઇ આશારામ મહેતા.

બેડવા.

૧ રા. હિંમતરામ બેચરભાઇ પંડયા.
૨ રા. ગણપતરામ પ્રભુરામ પંડયા.

મોહોલ્લોલ.

૧ રા. ધનેશ્વર ગોપાળજી ભટ્ટ.

આખડોલ.

૧ રા. વેણીરામ બહેચર જોશી.

રૂંદણ

૧ રા. છગનલાલ ગોપાળભાઇ ભટ્ટ.

કરોલી.

૧ રા. પુંજાભાઇ હરજીવન ભટ્ટ.

બારસોદા.

૧ રા. કેશવલાલ ઘેલાભાઇ મહેતા.

ભાનેર.

૧ રા. ડાહ્યાભાઇ કાળીદાસ ગોર.

છીંપડી.

૧ રા. કાળીદાસ ગિરધરભાઇ રાવળ.

કેસરા.

૧ રા. નરભેરામ હરજીવન ભટ્ટ.

કઠલાલ.

૧ રા. કિરપાશંકર કેવળરામ ત્રવાડી.
૨ રા. અમરતલાલ છગનલાલ ગોર.
૩ રા. પુરૂષોત્તમ ઘેલાભાઇ ગોર.
૪ રા. બકોર મયારામ વ્યાસ.
૫ રા. ત્રિભોવનરામ ભગવાનરામ રાવલ.

ચકલાશી.

૧ રા. ભીખાભાઇ પ્રાણજીવન જોશી.
૨ રા. પુરૂષોત્તમ સોમેશ્વર પંડયા.
૩ રા. લલ્લુભાઈ મયારામ જોશી.
૪ રા. નાથજીભાઇ હરિશંકર ગોર.
૫ રા. શંકરભાઇ બાપુજી જોશી.
૬ રા. જેશંકર કાશીરામ જોશી.

સિંહુજ.

૧ રા. ઇશ્વરભાઇ કુબેરરામ મહેતા.
૨ રા. ભાઇજી કાળીદાસ જોશી.
૩ રા. પુનેમચંદ છગનલાલ વ્યાસ.

સરસવણી.

૧ રા. મોહનલાલ ડાહ્યાભાઇ શુકલ.

અકલાચા.

૧ રા. અંબાલાલ ભુલાભાઇ રણા.
૨ રા. મગનલાલ જીવરામ રણા.

અજરપુરા.

૧ રા. પુરૂષોત્તમ જેઠાભાઇ રાવલ.
૨ રા. રણછોડલાલ હરગોવન ભટ્ટ.
૩ રા. દલસુખરામ દાજીભાઇ પંડયા.

સલુણ.

૧ રા. મુળજીભાઇ ગોવિંદરામ પુરોહિત.

વાંઠવાળી.

૧ રા. જેઠાલાલ છગનલાલ મહેતા.

ઉપરના મેમ્બરો (આગેવાનો) ઉપર જણાવેલા ઠરાવોનો અમલ કરાવવા માટે મુકરર કરવામાં આવ્યા છે. તેમણે પોતાના ગામોમાં ઉપર લખેલા નિયમ પ્રમાણે વર્ત્તવા વર્ત્તાવવા જ્ઞાતિભાઇઓને સમજુત કરવી. કોઇ માણસ ઉપરના નિયમનો ભંગ કરે તો તે બાબતની ખબર પ્રમુખ તેમજ ઉપપ્રમુખને **પણસોરે** તથા **થામણે** આપવી એટલે ત બાબત ઘટિત પગલાં લેવાશે.

ઉપર જણાવેલી યાદીમાં ગામદીઠ પહેલા નંબરના મેમ્બરે પોતાના ગામમાં થયેલી

કન્યાઓના વિવાહ તેનો બાપ તોડી ન શકે તે બદલ તે કન્યાના બાપ પાસેથી રૂ. ૫૦૧) નું ખાતુ તથા કન્યા હોય તેના બાપ પાસેથી રૂ. ૩૦૧) નું ખાતુ પડાવી લેઇ પણસોરા મુકામે પ્રમુખ શ્રી સોમેશ્વર દલુરામ પંડયા અથવા થામણા મુકામે ઉપપ્રમુખશ્રી જયદેવ પિતામ્બરરામ દ્વિવેદીના ઉપર મોકલી આપવું.

આટલું કાર્ય થતાં સમૂહ બહાર કન્યા આપનાર થામણાના રા. પંડયા છોટાલાલ શિવરામ તરફથી તેમના ભત્રિજા રા. શંકરલાલ પરસોતમે તથા રા. કૃષ્ણારામ ત્રિભોવન વ્યાસે માફી માગતાં જણાવ્યું કે " હું જ્ઞાતિનો દાસ છું અને મારા કાકાએ આપણા સમૂહ બહાર જે કન્યા આપી છે તે આ જ્ઞાતિનો મહાન્ અપરાધ કર્યા બરોબર છે, તોપણ તેઓએ જે પગલું ભર્યું છે તેને માટે પશ્ચાત્તાપ જાહેર કરે છે અને તેઓ પોતાની બીજી કન્યા જ્ઞાતિમાંજ આપશે તેવી કબુલાત આપે છે તેથી તેમને ક્ષમા આપવા આપ સર્વેને હું પ્રાર્થના કરૂં છું." સમૂહબંધન દૃઢ કરવામાં પ્રથમ સંપૂર્ણ સંમ્મતિ આપનાર, અને પાછળથી પોતાને ઉત્તમ ગણાવાની નેમથી સમૂહબંધન તોડવાનું પ્રથમજ કાર્ય કરનારને માફી આપવી સર્વેને યોગ્ય નહિં લાગી પરન્તુ માફી માગનારનો અત્યાગ્રહ જોઇ તથા સર્વે ભાઇઓ તથા પ્રમુખશ્રી અને સમૂહ બહારના અન્ય આવેલા સદ્‌ગૃહસ્થોની ઇચ્છાથી એમ કહેવામાં આવ્યું કે પંચકમિટિના મેમ્બરો જે રકમ ઠરાવે તે રકમ વિદ્યાવૃદ્ધિ ફંડમાં રા. છોટાલાલ તરફથી આપવાની જો મી. શંકરલાલ પરસોતમ તથા રા. કૃષ્ણારામ ત્રિભોવન વ્યાસ કે જેઓ છોટાલાલ પંડયા તરફથી માફી માગવા આવ્યા હતા તેઓ કબુલ કરે તેમજ તેમની બીજી કન્યા સમૂહમાંજ આપવાની કબુલાત આપે અને તે બાબત રા. મગનલાલ જીવરામને કબુલાવે તો આ સમૂહ તેમનો ફેંસલો મુકશે. તે સાંભળીને મી. શંકરલાલ તથા રા. કૃષ્ણારામે વિનંતિ કરી કે આ બાબતને માટે અમને સાંજ સુધીની મહેતલ આપો. ગમે તો અમે તારથી રા. છોટાલાલની સમ્મતિ લેઇશું અગર તો અમે બીજી ગોઠવણ કરીને સાંજરે પાંચ વાગે આપને જવાબ દેઇશું. તે ઉપરથી સમાજે તેમને સાંજના પાંચ વાગ્યા સુધીની મહેતલ આપી હતી.

આટલું કામ થતાં બપોરની હાજરીનો વખત થઇ ગયેલો હોવાથી બે વાગે એકત્ર થવાપર મુલતવી રાખી સૌ ભાઇઓ વેરાયા હતા.

ભોજન લીધા બાદ બે વાગે સર્વે ભૂદેવો સાથે પ્રમુખશ્રી પધારતાં સમાજનું કામ આગળ ચલાવવામાં આવ્યું.

પ્રથમ અમદાવાદના રા. છોટાલાલે અમદાવાદ ઔદિચ્ય બોર્ડિંગહાઉસ માટે અપિલ કરી હતી અને તેને રા. ત્રિકમલાલ નારણશંકરે વિશેષ સ્પષ્ટતાથી ટેકો આપ્યો એટલે જુદા જુદા ગૃહસ્થોએ મળી લગભગ રૂ. ૧૦) તે વખતે અમદાવાદની ઔદિચ્યસહસ્ર બોર્ડિંગ માટે કરી આપ્યા હતા.

ત્યાર પછી રા. ભોગીલાલ ત્રિભોવનદાસ ઠાકરે "લગ્ન" એ વિષય ઉપર ઘણું અસરકારક ભાષણ આપ્યું હતું. હાલનાં લગ્ન એ વાસ્તવિક લગ્ન નથી, લગ્ન એટલી નાની ઉમ્મરમાં થાય છે કે લગ્નનો મર્મ પરણનાર સમજી શકતાં નથી, અગ્નિ સમક્ષ લેવાતી વરકન્યાની પ્રતિજ્ઞાઓમાં કાંઇ રહસ્ય રહેલું છે કે કેમ તેનું તેમને દિગ્દર્શન પણ થતું નથી, તેથી લગ્ન પ્રતિજ્ઞાઓ સમજી શકાય અને તેનું બરોબર પાલન કરવાની મનમાં

ચિવટ રહે તેવી યોગ્ય ઉમ્મરે વિદ્યાઅભ્યાસ થયા બાદ થવાં જોઇએ વિગેરે ઘણા અસરકારક શબ્દોમાં કહીને પોતાનું આસન લીધું હતું. (તાળીઓ).

બીજો વિષય "બ્રહ્મચર્ય" નો રા. રા. મણીશંકર તુળશીરામે હાથમાં લીધો હતો. તેઓશ્રીની આકર્ષક, મધુર અને આબાદ વાણીથી સર્વે ભાઇઓનાં અંતઃકરણ ઘણાજ દ્રવીભૂત થયાં હતાં. જીવનના ચાર આશ્રમમાં બ્રહ્મચર્ય એ પ્રથમ આશ્રમ છે, તે અવસ્થામાં કરેલા વિદ્યાભ્યાસથી આખુ જીવન સુખમય થાય છે. બ્રાહ્મણો માટે જે પંચમહાયજ્ઞનું વિધાન છે તેમાં પ્રથમ બ્રહ્મયજ્ઞ છે. ઓછામાં ઓછા ૨૪ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળી લગ્ન કરવાથી ઘણા લાભ છે. શ્રીહનુમાન્ શ્રીભીષ્મપિતામહ, શ્રીમન્ શંકરાચાર્ય વિગેરેએ પોતાના બ્રહ્મચર્યથી કેવાં અપૂર્વ પરાક્રમ કર્યા તે વિગેરે કહી શ્રીલક્ષ્મણજીના બ્રહ્મચર્ય માટે શ્રીરામચંદ્રજીનેજ શંકા થવાથી તેઓશ્રીએ એક પોપટનું રૂપ લેઇ, વસ્તુસ્થિતિ અવલોકી યૌવનવતી સ્ત્રી સાથે એકાંતમાં રહેવા છતાં બ્રહ્મચર્ય કેમ ધારણ કરાય છે તેનો શ્રીલક્ષ્મણજી સાથે સંવાદ થયેલો તે સશ્લોક કહી સંભળાવી સર્વે ભાઇઓને આશ્ચર્યમાં ગરકાવ કરી, સર્વેનાં મન રંજન કરી બ્રહ્મચર્યનું અપૂર્વ મહાત્મ્ય બતાવી આપણા બાળકોને બ્રહ્મચર્ય પળાવશો તો આપણામાંથી થોડાક સમયમાં અનેક ભરદ્વાજ, પરશુરામ, દ્રોણ અને અશ્વત્થામા જેવા પુણ્ય પુરૂષો અને મહર્ષિઓ ઉત્પન્ન થશે એવું સચોટ દર્શાવી પોતાનું આસન તાળીઓના ચાલુ ગડગડાટ વચ્ચે લીધું હતું.

ત્યાર પછી રા. રા. શ્રીયુત મણીલાલ સામળભાઇ દ્વિવેદીએ 'વિદ્યાવૃદ્ધિ" ફંડ માટે વિવેચન કરતાં જણાવ્યું કે " વિદ્યાવૃદ્ધિનાં સાધનો માટે વિદ્યાવૃદ્ધિ ફંડની જરૂર છે. સર્વ ઉન્નતિનો આધાર વિદ્યા ઉપર છે. જુના જમાનામાં વિદ્યા પ્રાપ્ત કરવામાં દ્રવ્યની આવી બાધક સત્તા નહોતી કે તેના વગર વિદ્યા પ્રાપ્ત નજ થઇ શકે. હાલના સમયમાં દ્રવ્ય શિવાય વિદ્યા મળી શકે તેમ નથી તેથી આપણે જો આપણાં સંતાનોને વિદ્વાન બનાવવાં હોય તો ફંડ એકઠું કરવું જોઇએ. જેઓ સારી સ્થિતિમાં છે, અને પોતાના બાળકોને વિદ્યાદાન દેવા માટે યથેચ્છ ખર્ચ કરી શકે તેમ છે તેમને આવા ફંડની જરૂર નથી; પરંતુ તેમનો આધાર કેવળ ઇશ્વર ઉપર છે તેઓ તો ઇશ્વરે જેમને આપ્યું છે તેવા તમારી તરફ હાથ લાંબો કરી કહે છે કે અમારી પાસે બુદ્ધિધન છે પણ તેને સંસ્કારી બનાવવા આ પાર્થિવ ધન નથી તેથી તો તમો અમારા પ્રતિ તમારો પવિત્ર હાથ નહિ લંબાવો તો જેઓ અમારો હાથ ઝાલવા અમારા તરફ હાથ લંબાવશે તેઓના અમે થઇશું. આમ થતાં ભવિષ્યમાં તમારે મહાન્ નુકશાન વહેવું પડશે. માટે અમોને વિદ્યા મળે તેવો માર્ગ ખુલ્લો મુકવા તમોને વિનવીએ છીએ ? બન્ધુઓ ! નિરાધારોની આ અરજ સ્વીકારી ફંડ એકઠું કરી તેમને મદદ આપવી જોઇએ. વિદ્યા શિવાય તેઓ બીજી કોઇ પણ જાતની માગણી કરતા નથી, માટે તમો સર્વેએ પોતાની શક્તિ અનુસાર નાણાં ભરવાની આવશ્યકતા છે. તમો કહેશો કે અમારી પાસે સવડ નથી. પણ ન્યાતો જમાડવામાં અને તેવા બીજા કોઇ પ્રસંગમાં હજારો રૂપૈયાની આહુતિ અપાય છે, ત્યારે વિદ્યાદાન માટે તમારી પાસે સવડ નથી એવું કહેવું ઘણુંજ શરમ ભરેલું છે. પૂર્વની વિદ્યા નાશ પામી છે, તેને પુનઃ સ્થાપન કરવા વિદ્યાવૃદ્ધિ ફંડની અતિશય જરૂર છે. કોઇપણ પ્રકારે વિદ્યા ફંડ એકઠું કરી જ્ઞાતિના નિરાધાર બાલકોને ઉત્તેજન આપશો એવી અંતિમ પ્રાર્થના સાથે અત્રે વિરમીશ."

સદરહુ બાબત ઉપર પણસોરાના માસ્તર સોમેશ્વરે વિવેચન કરી મુષ્ટિફંડ ઉઘાડવા સૂચના કરી. આથી વાર્ષિક પેદાશ સારી થશે અને વિદ્યાવૃદ્ધિમાં સહાયકારક થશે.

આ બાબતના વિશેષ સમર્થનમાં રા. રા. રેવાશંકર જગજીવન પંડિતે જણાવ્યું કે વિદ્યાના પ્રતાપથી આપણા પૂર્વજો ઉત્તમોત્તમ અધિકાર ભોગવતા હતા. હાલ આપણે બ્રાહ્મણપણું ગુમાવ્યું છે એટલુંજ નહિ પણ શુદ્રની પંક્તિમાં આવી રહ્યા છીએ. છતાં આંખ ઉઘડતી નથી એ ઘણું દિલગીર થવા જેવું છે. આ સંબંધમા ઘણું બોલાયું છે. એટલે હું તમારો વધુ વખત લેતો નથી. મુષ્ટિ ફંડ–મુષ્ટિ ફંડથી તમારૂં દારિદ્ર ટળવાનું નથી. દરેક જણ યથાશક્તિ નાણાં ભરીને જો તમો રૂ. ૫૦૦૦) એકઠા કરી તેનું ટ્રસ્ટ કરી તે રજીસ્ટર કરાવી મારી પાસે આવશો તો ગમે તેમ કરીને પણ હું બીજા તેટલાજ તમને ભેગા કરી આપીશ. તમો જ્ઞાતિ તરફથી અમુક લાગો નાંખશો તોપણ ઘણી મોટી રકમ એકઠી કરી શકશો. બધી આંગળીઓ કાંઇ સરખી નથી, કોઇ શ્રીમંત પણ હશે, તેઓએ આવા પરોપકારના કામમાં પોતાનો હાથ લંબાવવો જોઇએ. તમારે કાંઇ કોઇને આપી દેવાનું નથી. જે કરશો તે તમારાંજ બાળકો માટે છે. એટલે આ ધર્મના કામમાં તમારો પવિત્ર હાથ લંબાવશો તો ઇશ્વર તમારૂં ભલું કરશે.”

આટલું વિવેચન થતાં નીચે પ્રમાણે વાર્ષિક તથા એક વખતની રકમો નોંધાવવામાં આવી હતી:—

વિદ્યાવૃદ્ધિ ફંડમાં નાણાં ભરનાર ગૃહસ્થોની યાદી.

આ નીચે બન્ને યાદીમાં જેના નામ ઉપર * ફુદડી છે તેનાં નાણાં વસુલ થઈ ગયાં છે તેમ સમજવું.

દર વર્ષે વાર્ષિક રકમ ભરનારની નોંધ.

૫) જા. ત્રિભોવન કૃષ્ણારાંમ દ્વિવેદી થામણા.
રાા)મી. ભવાનીશંકર કેશવરાંમ ,, ,,
૧) રા. હરજીવન દાજીરામ દ્વિવેદીનું કુટુંબ.
૧) મણીલાલ દલસુખરામ ,, થામણા.
૨) રા. સોમેશ્વર દલુભાઈ પંડયા પણસોરા.
૧) રા. મોતીરાંમ છગનલાલ વ્યાસ ,,
૧) દેવશંકર કાળીદાસ વ્યાસ ,,
૧) રા. લલ્લુભાઇ કેવળરાંમ વ્યાસ ,,
*૧)રા. આશારાંમ જેભાઇ કવિ ,,
૧) રા ફુગભાઇ નાથજી મહેતા ,,
૧) રા. મુળજીભાઇ આશારાંમ મહેતા ,,
૧) રા. અમરતલાલ છગનલાલ ગોર કઠલાલ
૧) રા. પુરૂષોત્તમ ઘેલાભાઇ ગોર ,,
૧) રા. છોટાલાલ લલ્લુભાઇ પુરોહિત ,,
૧) રા. ત્રિભોવન ભગવાન રાવળ ,,
૧) રા. સોમેશ્વર ગંગારાંમ પંડયા બેડવા.
૩) રા. લાલજી બેચર જોશી નડીઆદ

૨) રા. રણછોડરાંમ હરગોવન ભટ અજરપુરા
*૧) રાવળ પુરષોત્તમ જેઠાભાઇ ,,
૧) રા. ડાહ્યાભાઇ બેચલરાંમ શુકલ સરસવણી
૧) રા. મોહનલાલ ડાહ્યાભાઇ ,, ,,
૧) રા. કાળીદાસ ગીરધર રાવળ છીપડી
૧) રા. લલ્લુભાઈ પિતાંબર જોશી આખડોલ
૧) રા. વેણીરાંમ બેચર જોશી ,,
૧) રા. કુબેરભાઇ લક્ષ્મીરાંમ જોશી ભાનેર.
*૧) રા. ડાહ્યાભાઇ કાળીદાસ ગોર ,,
*૧) રા. ચુનીલાલ અંબારાંમ મહેતા ,,
*૧) રા. કેશવરાંમ મોતીલાલ ગોર ,,
૧) રા. ભીખાભાઇ પ્રાણજીવન જોશી ચકલાશી
૧) રા. લલ્લુભાઇ મયારામ જોશી ,,
૧) રા. હરીશંકર દાદાભાઇ ગોર ,,
૧) રા. પુરૂષોત્તમ સોમેશ્વર પંડયા ,,
૧) રા. નાથાલાલ નડીયાદ
૩) રા. ઉત્તમરાંમ બેચર જોશી. નડીઆદ

ચાલુ સાલમાં જેમણે ઉચ્ચક રકમ આપવા લખાવી તેમની યાદી.

*૧૦) મે. પ્રમુખ સાહેબશ્રી જીવણરાંમ જેશંકર ભટ્ટ.
*૫) રા. રેવાશંકર જગજીવન પંડિત કાઠિયાવાડ સમાચારના અધિપતિ.
*૩૫) રા. જમનાપ્રસાદ ગોવર્દ્ધનપ્રસાદ વ્યાસ ભાઇઓ સમસ્ત
*૨૫) રા. મગનલાલ જીવરાંમ રણા–અકલાચા–હાલ ઉમરેઠ ફોજદાર.
*૨) રા. જયદેવ પિતાંબર દ્વિવેદી થામણા.
૧) રા. ભુલાભાઇ કાશીરામ ગોર ભાનેર
૧) રા. બકોરભાઇ મંછારામ પંડયા બેડવા
૧) રા. ભાઇજી દેવરાંમ પરોત સલુણ.
૧) રા. શંકરલાલ ઇશ્વરલાલ ,, ,,
૧) રા. મોતીરાંમ ગણપતરાંમ મહેતા કંજોડા
૨) રા. છોટાલાલ કૃષ્ણારાંમ ભટ્ટ થામણા
૧) રા. ગોરધન કેવળરામ જોશી ,,
૧) રા. ધનેશ્વર ગોપાળ ભટ્ટ મોહોલ્લેલ
૨) ગણપતરાંમ સેવકરામ મહેતા રાઠલેલ
૨) રા. હિમતરાંમ બેચર પંડયા બેડવા
૧) રા. ઉમિયાશંકર દલસુખરાંમ ,,
૨) રા. ગણપતરાંમ પ્રભુરાંમ પંડયા ,,
૧) રા. ઇશ્વરલાલ ભાઇજી ,, ,,
૧) રા. કિરપાશંકર કેવળરામ ત્રવાડી કઠલાલ
૧) રા. કેશવલાલ ગોરધન ,, ,,
રા. વિઠ્ઠલરામ ગોવર્દ્ધનપ્રસાદ વ્યાસ તરફથી સદરહુ રિપોર્ટ છપાવ્યાનું સઘળું ખર્ચ.
૧) રા. કાળીદાસ જીભાઇ મહેતા કંજોડા

ઉપર પ્રમાણે નાણાં ભરાઇ રહેવા બાદ સમાજ પોતાનું વિદ્યાવૃદ્ધિનું કાર્ય નિયમિત તથા શુદ્ધ રીત્યે કરતી જાય અને વિદ્યાવૃદ્ધિ ફંડ ઉપર સારી દેખરેખ રહી શકે તેટલા માટે એક કાર્યવાહક મંડળી આવતી સમાજ સૂધી એક વર્ષને માટે નીચે મુજબ નિમવામાં આવી.

રા. **સોમેશ્વર** દલુભાઇ પંડયા. **પણસોરા. પ્રમુખ.**
રા. જયદેવરાંમ પિતાંબરભાઇ દ્વિવેદી. **થામણા. ઉપપ્રમુખ.**

મેમ્બરો.

૧ રા. **ભ**વાનીશંકર **કે**શવરાંમ **દ્વિ**વેદી **થા**મણા
૨ રા. મણીલાલ દલસુખરાંમ ,, ,,
૩ રા. આશાભાઇ જયરાંમ કવિ પણસોરા.
૪ રા. અમ્રતલાલ છગનલાલ ગોર કઠલાલ.
૫ રા. પુરૂષોત્તમ ઘેલાભાઇ ગોર ,,
૬ રા. **નાથજીભાઇ હ**રિશંકર ગોર **ચ**કલાશી.
૭ રા. ડાહ્યાભાઇ કાળીદાસ ગોર ભાનેર.
૮ રા. **સોમેશ્વર** ગંગારામ **પંડયા. બેડવા**
૯ રા. કાળીદાસ ગિરધર રાવળ. છીપડી
૧૦ રા. **મ**ગનલાલ **જી**વરાંમ **ર**ણા **અ**કલાચા
૧૧ રા. ડાહ્યાભાઇ **ઓ**ઘલરાંમ **શુ**કલ **સ**રસવણી
૧૨ રા. **મો**હનલાલ ડાહ્યાભાઇ ,, ,,
૧૩ રા. **વિ**ઠ્ઠલરાય **ગો**વર્દ્ધનપ્રસાદ **વ્યાસ.**

રા. રા. ત્રિભોવન કૃષ્ણારાંમ દ્વિવેદી, **ઓનરરી સેક્રેટરી.**

વિદ્યાવૃદ્ધિ ફંડ સંબંધી સૂચના.

૧. પંચકમિટિના ઠરાવ ૫ પ્રમાણે પોતાના ગામમાં થયેલાં લગ્ન તથા ઉપવિતની વિદ્યા ફંડમાં આપવાની રકમ દરેક ગામના મેંબરે ઉઘરાવી લેઇ સવડ પડતી અમદાવાદ ઓનરરી સેક્રેટરી તરફ મોકલી આપવી. જે ગામમાં મેંબર અત્રે જણાવ્યા ન હોય તે ગામમાં તેવી રકમ પંચકમિટિના મેમ્બરોએ ઉઘરાવી તે ઉપર પ્રમાણે મોકલવા તસ્દી લેવી. તેમ કરવામાં ગફલત ન થાય તેની કાળજી રાખવી.

૨. ઉપર પ્રમાણે ગામવાર મેંબરોએ પોતાની ગામની શાળામાં અભ્યાસ કરતા ઔદિચ્ય સહસ્ત્ર બાળકોનું નીચેના નમુના પ્રમાણે પત્રક દરેક વર્ષની તા. ૩૧ મી જુલાઇની અંદર બનાવી અમદાવાદ મુકામે ઓનરરી સેક્રેટરી તરફ મોકલવું.

મોજે તા. ની સરકારી ગુજરાતી નિશાળમાં અભ્યાસ કરતા ઔદિચ્ય બાળકોનું સને ૧૯૨ ની સાલનું પત્રક.

નંબર.	નામ.	આ સાલ કીયા ધોરણમાં છે.	ગયે સાલ કીયા ધોરણમાં પાસ	આવતી સાલે ઉપરના ધોરણમાં કીયાં પુસ્તક જોઇશું	અભ્યાસ કેવો છે.	ચાલચલગત.	પત્રક ભરી મોકલનારની સહી.

૩ વિદ્યાફંડ વધારવા, તેની યોગ્ય વ્યવસ્થા કરવા, તેની રકમ યોગ્ય સ્થળે જમે કરવા વિગેરે બાબતોના વિચાર માટે ઓનરરી સેક્રેટરી તરફથી અમુક સ્થળે ભેગા થવાનો કાગળ આવે ત્યારે ચુંટી કાઢેલા મેમ્બરોએ હાજર થવાની તસ્દી લેવી. ખાસ કાંઇ અંતરાયને લીધે આવી શકાય તેમ ન હોય તો પોતાનો અભિપ્રાય કાર્યવાહક મંડળ જ્યાં મળનાર હોય ત્યાં મોકલી આપવો.

વિદ્યાફંડની રકમ ઘણી મોટી કરવાની જરૂર છે. વિદ્યાવૃદ્ધિ એજ જ્ઞાતિનો સાચો ઉદ્ધાર છે એમ સમજી દરેક ઔદિચ્ય ગૃહસ્થને આ ફંડમાં યથાશક્તિ મદદ કરવાની આ સમાજ ખાસ વિનંતિ કરે છે.

આટલું કાર્ય પુરૂ થતાં સવારે થામણા નિવાસી રા. છોટાલાલ પંડયા તરફથી વિષ્ટિ લેઇને જેઓ આવ્યા હતા અને જેઓ સાંજ સુધીની મહેતલ માગી ગયા હતા તેઓ બન્ને રા. શંકરલાલ પરસોતમ તથા રા. કૃષ્ણારામ ત્રિભોવન વ્યાસ આવી પહોંચ્યા અને તેમણે જાહેર કર્યું કે પંચ જે નક્કી કરે તે અમારે કબૂલ છે અને તે પાળવાને માટે અમે રા. મગનલાલ જીવરામ ફોજદારને અમારા કબુલનાર તરીકે બતાવીએ છીએ. રા. મગનલાલે પણ તેમાં સમ્મતિ આપ્યાથી મેં પ્રમુખ સાહેબની સૂચનાનુસાર જ્ઞાતિમાંથી ચાર માણસો તથા પાંચમા રા. મગનલાલ ફોજદારને ચૂંટી કાઢી વિદ્યાવૃદ્ધિ ફંડ ખાતે તેમની પાસેથી શું લેવું તેની દરેક જણ જુદી જુદી રકમ મુકી લાવે તેવું સૂચવ્યું. તેઓ દરેક જે રકમ મૂકી લાવ્યા તેનો સરવાળો કરી પાંચે ભાગતાં રૂ. ૨૯૧) થયા તે રકમ તેમની ફંડ ખાતે આપવાની પ્રમુખશ્રીએ જાહેર કરી અને તેની અંદર છોટાલાલનો પક્ષ કરનાર કૃષ્ણારામને પણ માફી આપ્યાનું જાહેર કર્યું. અગર જો કે આ રકમ ગુન્હાના પ્રમાણમાં ઘણીજ જુજ હતી તોપણ આ ઠરાવની અવગણના કરીને રા. કૃષ્ણારામ ત્રિભોવન તથા રા. શંકરલાલ પરસોતમે ત્યાંથી ચાલવા માંડયું. જ્ઞાતિએ પોતાનો દોર હજુ

પણ નરમ મુકાને આ બન્ને જણને જમતા રહેવા માટે આગ્રહ કર્યો તેનો પણ તેમણે સ્વીકાર કર્યો નહિં. આ વખતે રા. મગનલાલ જીવરામ તથા રા. સાંકળેશ્વરે તેમનો પક્ષ ન કર્યો તેટલા માટે જ્ઞાતિએ તેમને ધન્યવાદ આપ્યો.

ત્રણે દિવસનો કાર્યક્રમ પૂર્ણ થયો હતો. અવશેષ કાંઇ નહોતું તેથી મે. પ્રમુખ સાહેબે પોતાનું ઉપસંહારનું ભાષણ નીચે પ્રમાણે શરૂ કર્યું:—

મેં મ્હારા પ્રથમના ભાષણમાં ઉપયોગી વાત કહી છે છતાં પ્રમુખનો ઉપસંહારનો ધર્મ છે એટલે અત્રે આ સમાજમાં થયેલાં કામકાજપર તમારૂં લક્ષ ખેંચીશ. સમૂહનો હેતુ કન્યાઓની અછત દુર કરવા માટે છે તેમજ જ્ઞાતિની ઉન્નતિ કરવા માટે છે. ઉન્નતિ ત્યારેજ થાય કે જ્યારે જ્ઞાતિમાં દરેક વ્યક્તિનાં અંતઃકરણ એક હોય, જ્ઞાતિમાં કોઇએ પાછળ પડવું નહિ પણ બધાંએ સાથે મળી આગળ વધવું જોઇએ. ઉતાવળ કરવાની જરૂર નથી, ધીમામાં ધીમી ચાલવાળાની ગતિથી આગળ વધવું. કદિ એમ ન માનવું કે તે પાછળ ઘણોએ આવશે. આ સ્વાર્થથી તમો થોડાક આગળ વધશો અને બીજા પાછળ રહેશે; એટલે કદિ તમો ધારેલ ઉન્નતિ કરી શકશો નહિ, માટે જો તમારે તમારી ઉન્નતિ કરવી હોય તો આબાલ વૃદ્ધ સૌને સમાન ગણી સૌ સાથે ચાલજો; અને એ પણ યાદ રાખજો કે સૌ સાથે ચાલતાં આપણે કઇ કઇ ફરજો અદા કરવાની છે. તમારે એક વ્યક્તિ તરીકે બીજી વ્યક્તિ તરફ જે જે ફરજો અદા કરવાની હોય તે સૌ વિના સંકોચે અદા કરશો તોજ તમારી ઉન્નતિ છે. શાસ્ત્ર તથા બુદ્ધિથી ફરજ–ધર્મ સમજી શકાય છે. જો તમો શાસ્ત્ર તથા બુદ્ધિથી કન્યાવિક્રય કરવો તે પાપ છે એમ સમજો તો તે રિવાજ દુર કરજો. ઉત્તમ વર તૈયાર કરવા પુત્રને કેળવજો અને તે સાથે પુત્રનો સંસાર સુખી કરવા તેના જેવીજ વિદ્વાન કન્યા સાથે તેનું લગ્ન કરજો. પુત્ર વિદ્વાન અને કન્યા મૂર્ખ–અભણ તેથી ઘણી હાનિ છે. કન્યા અભણ હોવાથી ઉત્તરોત્તર પ્રજા મૂર્ખ બનતી જાય છે, કારણ ઉત્પન્ન થનાર પ્રજાને મૂર્ખ માતામાંથી ઉત્તમ તત્વ મળી શકતાં નથી; એટલે જેટલી વિદ્યા પુત્રને આવશ્યક છે તેટલીજ પુત્રીને પણ છે, માટે બન્નેમાં કોઇ જાતથી ન્યૂનાધિક માન્યા સિવાય બન્નેને કેળવણી આપશો તોજ તમો સારી પ્રજા ઉત્પન્ન કરી શકશો. નહિ તો આથી પણ હલકી સ્થિતિમાં આવી પડશો ઉમ્મરમાં પણ કન્યા કરતાં વર અમુક વર્ષે મ્હોટો રાખજો. હમણાં આપણી શારિરિક શક્તિ બગાડવાનું કારણ બાળલગ્ન છે. તેટલા માટે જો તમો બાલકોને સુખી–દીર્ઘાયુષી કરવા ચહાતા હો તો બન્નેને બ્રહ્મચર્ય પળાવજો; એટલે બન્ને અમુક વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળી વિદ્યાભ્યાસ કરે એવી ગોઠવણ કરજો. વિદ્યા સિવાય કદિ ધર્મ જાણી શકાય નહિ, અને ધર્મ સિવાય સુખ નથી. માટે પુત્રને નિત્યનૈમિત્તિક ધર્મકર્મ અવશ્ય શીખવજો. જો તમો પોતે ધર્મકર્મને કદિ ભૂલશો નહિં તો છોકરાં જરૂર તમારા સદ્વર્તનનું અનુકરણ કરશે. તે સ્વયં ધર્મપરાયણ બનશે. કહેવા કરતાં કરી બતાવ્યાથી છોકરાં સદ્વર્ત્તનશાળી થશે. માટે તમો તમારૂ વર્તન શુદ્ધ અને પવિત્ર રાખજો. જો તેમ કરવામાં તમો ભૂલ કરશો તો બાલકો તમારાથી ઘણી મ્હોટી ભૂલ કરશે અને તમારી આબરૂપર મીંડુ મૂકશે. તમો જે વાતને પ્રમાણ ગણશો તેજ વાતનું છોકરાં અનુકરણ કરશે. માટે તમો વ્યસન વગેરે દુર્ગુણોથી પહાડમુખ રહેજો એટલે બાળકો કદિ દુર્વ્યસન કરશે નહિ અને સદ્વર્ત્તનવાળાં થશે. બાલક સદ્વર્ત્તનવાળાં થયાં એટલે

તમારૂં કલ્યાણ છે. તમો સર્વે આ સમાજમાં જે જે વિષયપર જે જે ભાષણ થયું હોય તેને તમારા હૃદયમાં ઠસાવજો. તેનું પોષણ કરજો. શ્રેષ્ટ લાગે અને શિખવાનું મળે તેને વ્યવહારમાં મૂકવું જોઇએ. તે સિવાય આવ્યા, મળ્યા, જમ્યા, ભાષણ સાંભળી ચાલ્યા ગયા તેથી કદિ શ્રેય થવાનું નથી, પણ તમોએ જે જે સાંભળ્યું છે, જે જે ઠરાવો કર્યા છે તે સૌ અમલમાં મૂકજો. હમેશાં એ યાદ રાખજો કે આ જ્ઞાતિ એજ મ્હારૂં કુટુમ્બ છે. જ્યારે તમો જ્ઞાતિને કુટુમ્બ માનશો ત્યારેજ તેના સુખદુઃખમાં મદદગાર થઇ શકશો. જ્ઞાતિમાંથી દુઃખરૂપ કુધારા દુર કરજો અને સુખરૂપ સુધારા અમલમાં મૂકી સુખી થજો. સુધારો કરવામાં એક વખત તમો દુઃખી થશો. લોક નિંદા કરશે પણ તેથી ડરશો નહિ. જો ડરશો તો બમણા ફજેત થશો અને સાવધાનીથી ધીમે ધીમે દરેક સુધારાના ઠરાવો અમલમાં મૂકશો તો સૌ તમારા વખાણ કરશે એટલુંજ નહિ પણ 'ઠીક થયું કે અમને આંધળાંને માર્ગ બતાવ્યો' એમ કહી આશિર્વાદ આપશે; માટે કાગલપરના ઠરાવો કરતાં જે ઠરાવ કરો તે અમલમાં મૂકશો તોજ ઠરાવ સાર્થક છે. સુધારો કરવા આત્મબલની જરૂર છે એટલે પ્રથમ જે આગેવાન છે તેણેજ તે બાબતમાં પહેલ કરી માર્ગ કરી આપવો જોઇએ! 'ભલે લોક નિંદા કરે પણ મ્હારે તો જે રીતે જ્ઞાતિનું હિત થાય તેમ કરવુંજ છે' એમ નિશ્ચય રાખજો એટલે દરેક ઠરાવ અમલમાં મૂકાશે. મ્હોટા સમૂહ જે કરી શકતા નથી તે નાના કરી શકે છે. માટે ટૂંકામાં તમો ધારશો તો ઘણું સારૂં કરી શકશો. જ્યાં સુધી તમો આત્મબલ પ્રાપ્ત નહિ કરી શકો ત્યાંસુધી કાંઇ કરી શકશો નહિ, એટલે સ-મૂહને દોરવા માટે આત્મબલની ખાસ જરૂર છે. આત્મબળ સિવાય કદિ ખરચનો બોજો કમી થનાર નથી, કારણ ઉંડી થઇ ગયેલી ગરડમાંથી ગાડું ખેંચી કાઢવાનું છે; એટલે એક સંપ સિવાય કદિ નવો માર્ગ પાડી શકાશે નહિ. અમારૂં એ કહેવું નથી કે 'જુનું તેટલું ખરાબ ને નવું તેટલું સારૂ 'પણ હાલના સમયને જે વાત અનુકુળ ન હોય અને તે ઘણા સમયથી ચાલતી આવતી હોય તેને દુર કરજો. કુધારો દુર કરવામાં ને સુધારો અમલમાં મૂકવામાં કદિ મમત કરશો નહિ શ્રદ્ધાથી જે કામ બને છે તે મમતથી બનતું નથી, માટે મમત કરશો નહિ. સૌને સમજાવી સાગે લઇ ચાલજો તેમાં તમોને જે કષ્ટ પડે તે સહન કરજો પણ કદિ નિરાશ થશો નહિ. સમય સમયનું કામ કરશે. જે આજે તમારૂં નહિ માને તે કાલે થાકીને તમોને પૂછવા આવશે. માટે મમત કરશો નહિ. દર સાલ આ ના મેલાવડાઓ કર્યે જજો. પણ તેમાં ખર્ચ કમી કરશો તોજ ગાડું આગળ નભશે, નહિતો પડી ભાંગશે. હા એક બીજાનું આદર–આતિથ્ય–વિચારોની આપ લે જરૂર કરજો, પણ ખર્ચ વધારશો નહિ. તમારા કાબુમાં રહે તેવા માણસને તમારા રૂા. સોંપજો અને જે મદદને યોગ્ય હોય તેનેજ તેમાંથી મદદ આપશો. પુસ્તકો આપજો, ખવરાવજો પણ ઇનામો આપશો નહિ. સમૂહનું અપમાન ન થાય તેમ તમારા નિયમો બરાબર પાલજો જે આ સમૂહના છે છતાં તમારાથી જુદા પડયા હોય તેને પણ તમારા વિચારો દર્શાવજો અને સમજાવજો. બધા કાંઇ એક વિચારના થઇ શકતા નથી તેથી બહુમતે કામ કરજો અને તેમ કરતાં જે જુદા પડે તેને મેળવી લેશો. ઔદિચ્ય હિતેચ્છુ વગેરે પત્રોને સહાય કરજો. કારણ તેથી બીજી સંસ્થાઓ શી રીતે કામ કરે છે તે તમો સમજી શકશો. વર્તમાનપત્રો વાંચવાથી તમોને ઉપયોગી જ્ઞાન મલશે. કદાચ એમ કેમ ન બને કે આ જુદા જુદા સમૂહો અંતે મલી જઇ એક મ્હોટું વિજય

કરે ! માટે તમો બીજા સમૂહોપર ઇર્ષ્યા કે દ્વેષ કરશો નહિં, પણ તે સમૂ-
ર મેળાવડાઓમાં તમો જરૂર જશો. ત્યાં પણ તમોને જાણવાનું મલશે. આપણા
। વિદ્યાર્થીઓને સહાય આપવી. આ સમૂહ ઘણોજ ગરીબ છે માટે બીજાં ખર્ચ
ી વિદ્યાર્થીઓને જરૂર સહાય આપજો. ટૂંકામાં સમૂહની ઉન્નતિ કરવી, ઉત્તેજન
ુ અને આપવું, જ્ઞાનનું પાન કરવું ને કરાવવું તેમાંજ તમારી ઉન્નતિ છે. જે સંસ્કારી
ેજ એમ થશે કે 'વધુ જ્ઞાન મેળવ્યું હોય તો આનંદ થાય.' આ આનંદ અમાપ
ાટે વિદ્યા પ્રાપ્ત કરી વધુ આનંદ મેળવવા પ્રયત્ન કરવો જોઇએ. આ રીતે આપણે
સ્થળેથી જ્ઞાન મેળવી ઐહિક અને પારલૌકિક ઉન્નતિ કરવી જોઇએ. અંતમાં તમોએ
હને જે આતિથ્ય આપ્યું છે તે આપે આપનુંજ આતિથ્ય કર્યું છે, કારણ તમોએ મ્હારૂં
નહિ પણ તમારા શુદ્ધ વિચારોનું આતિથ્ય કર્યું છે. આવું યોગ્ય આતિથ્ય કરતાં શીખશો
તોજ તમારી ઉન્નતિ છે.

આ વ્યાખ્યાન સમાપ્ત કરતાં કંઠ બેશી ગયો હતો તે છતાં ભાઇ જગન્નાથ માટે દિલગીરી જણાવી મુબારકબાદીના જે પત્રો આવ્યા હતા તે વાંચી શ્રીમદ્દશંકરાચાર્ય વિરચિત મોહમુદ્દગર સ્તોત્ર ગદ્દગદિત કંઠે ગાઇ તાલીઓના અવાજ સાથે પોતાનું સ્થાન લીધું હતું.

પ્રમુખશ્રીએ વ્યાખ્યાન સમાપ્ત કરી પોતાનું સ્થાન લીધું એટલે **ચકલાશી** ગામના પંચ તરફથી ગોર **નાથજી હરિશંકરે** આગામી કોન્ફરન્સ 'ચકલાશી' ગામે મેળવવા માગણી કરી, તેને પંડયા **પરસોતમ સોમેશ્વરે** અનુમોદન આપ્યું એટલે આગામી કોન્ફરન્સ **ચકલાશી** મુકામે મેળવવાનો ઠરાવ સર્વાનુમતે પસાર થતાં હરહર માહાદેવનો જયઘોષ થયો.

ઓનરરી સેક્રેટરી ત્રિભુવન કૃષ્ણારામ દ્વિવેદીએ જણાવ્યું કે ભાઇ જગન્ના ગુજરી જવાથી મ્હને સેક્રેટરી તરીકેનું કામ સોંપવામાં આવ્યું છે પણ હું નોકરીના બહાર ગામ રહું છું, તેમાં આ સાલ ઘણે દૂર દેશાવર જવું પડે તેમ છે, માટે જગાનો ચાર્જ જ્ઞાતિમાંથી કોઇ યોગ્ય માણસને સોંપશો તો હું પૂર્ણ ખુશી થઇશ. ણીના અસ્વીકાર કરતાં જ્ઞાતિએ જવાબ આપ્યો કે હમણાં જ્ઞાતિ પાસે આવો કોઇ નહિ હોવાથી તથા જ્યાંસુધી આ ગાડું બરાબર રસ્તે પડયું નથી ત્યાંસુધી તમારેજ કામ કરવું પડશે. આ જવાબથી મજકુર ત્રિભોવનદાસે કામ જ્ઞાતિએ ઉપકાર માન્યો.

આ રીતે સમાજની ત્રણ દિવસની કાર્યવાહી સમાપ્ત થ
રામ દ્વિવેદીએ સરવેનો ઉપકાર માનતાં જણાવ્યું કે જે ના
છત્ર નીચે આપણે પોતાની ઉન્નતિના વિચાર ચલાવીએ
બન્ધુ જગન્નાથ કે જે માર્ગ બતાવી હમેશને માટે આ
બ્રહ્મસમાજ તરફથી પ્રથમ ઉપકાર માનું છું. મા
પોતાના વકીલાત જેવા વ્યવસાયી ધંધાને છોડી
તથા શ્રીમાન્ પંડિત રેવાશંકર, શ્રીયુત મણીશ
પધારેલા વિદ્વાન વક્તાઓની અમૃત
બહારથી પવિત્ર થયા છીએ, એટલા

અમો પ્રથમ જણાવી ગયા છીએ તોપણ અત્રે કહ્યા સિવાય ચાલતું સોરાના જ્ઞાતિબન્ધુઓએ જ્ઞાતિની દુષ્કાળના વરસમાં જે અનહદ સેવા ઉઠાવી શ્રી છગનભાઇ વગેરે પટેલોએ કીમતી મદદ આપી છે તે બદલ તેમને જેટલો આપીએ તેટલો થોડો છે. તમો સમસ્ત જ્ઞાતિએ શાન્તિપૂર્વક આ સમાજમાં થયેલા કાજમાં ભાગ લઇ કરેલા ઠરાવો મુજબ વર્તન કરવા સ્વીકાર્યું છે તેથી અમો નિઃશંક લીએ છીએ કે તમારી ઉન્નતિનું વૃક્ષ ફલતાં વાર લાગશે નહિ. (તાળીઓ.)

સર્વેનો ઉપકાર માની છોટાલાલે પોતાનું સ્થાન લીધું એટલે ત્રિભુવનદાસે પ્ર પ્રમુખશ્રી જીવણરામભાઇને અને તે પછી શ્રીયુત્ મણીશંકર, રેવાશંકર, મણીલાલ, ગીલાલ, વગેરે બહારથી પધારેલા વિદ્વાન્ મંડળને પુષ્પના હાર પહેરાવ્યા અને જ્ઞાતિએ સહર્ષ હરહર મહાદેવનો જયધ્વનિ કર્યો હતો. તેમજ પ્રમુખશ્રીએ સ્વહસ્તે 'જ્ઞાતિના હિતમાં પોતાનું હિત છે, એમ સમજી આગળ પડી કાર્ય કરનાર પંડ્યા સોમેશ્વર, ભટ્ટ જયદેવજી, વ્યાસ આદિતરામ, વ્યાસ લલ્લુરામ, વ્યાસ મોતીરામ, ત્રિભુવન; કવિ આશારામ, શુકલ ડાહ્યારામ, ફોજદાર મગનલાલ જીવરામ, વગેરેને હાર પહેરાવ્યા ને 'તમારી હમેશાં ઉન્નતિ થાઓ, એવા આનંદ આશિર્વાદ સાથે પુષ્પવૃષ્ટિ કરવામાં આવી, એટલે શુકલોએ શાન્તિ પાઠ ભણી ત્રણ વખત હરહર મહાદેવના જયઘોષ સાથે સમાજનું કામ સમાપ્ત કરવામાં આવ્યું. રાત્રે ભોજન લઇ બીજે દિવસે સવારમાં સર્વે મહર્ષિ મંડળ વેરાયું હતું.

બન્ધુઓ! ખેડા બેંતાળીસ દ્વિતીય બ્રહ્મસમાજનું કાર્ય આ રીતે પૂર્ણ થાય છે અમો આશા રાખીએ છીએ કે આ સમાજમાં જે સાંભળ્યું છે, જોયું છે, ઠરાવો કર્યા છે તે સર્વેને વ્યવહારમાં મૂકી તમારી ઉન્નતિ કરશો.

જીવણરામ જેશંકર ભટ્ટ.
(પ્રમુખશ્રી ખેડા બેંતાળીશ દ્વિતીય બ્રહ્મસમાજ પણસોરા.)
સોમેશ્વર દલુભાઈ પંડયા.
(કાર્યવાહકમંડળીના પ્રમુખ).
જયદેવરાંમ પિતાંબર દ્વિવેદી.
(,, ઉપપ્રમુખ.)
ત્રિભોવન કૃષ્ણારામ દ્વિવેદી.
(ઓનરરી સેક્રેટરી.)

શાન્તિઃ